# ચેલેન્જર

તંત્રી : પ્રતાપભાઈ કે. ગોહિલ

દૈનિક

www.challengerdaily.com

Email :- challengerdaily@gmail.com

• Year : 08 • issue : 37 • Date : 09/08/2018 • No. of Page : 4 • Price : Rs.1.00 • 115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR• R.N.I. REG. NO. GUJGUJ/2011/39246 • Reg No. BVR-397/2015-2017 • * Renewed up to 31 Dec. 2017

• વર્ષ : ૦૮ • અંક : ૩૭ • તા. ૦૯-૦૮-૨૦૧૮ • ગુરૂવાર • પાના : ૪ • ભાવનગર • મુખ્ય કાર્યાલય : ૫૮, સુવિધા શોપીંગ સેન્ટર, પેલેસ રોડ, ભૈરવપરા, પાલિતાણા • મો.૯૪૨૮૧૨૧૯૩૩ • ફોન નં.(૦૨૮૪૮) ૨૫૧૯૩૩


### તોઈબા, જૈશ અને હિઝબુલના ત્રાસવાદીઓ દ્વારા રેકી કરાઈ

# અમરનાથ શ્રદ્ધાળુઓ પર હુમલા કરવાની યોજના



## અમરનાથ યાત્રાના સૌથી મહત્વપૂર્ણ હિસ્સા ચંદનવાડી, પહેલગામના રસ્તા પર ત્રાસવાદીઓએ રેંકી કરી હોવાના અહેવાલ

શ્રીનગર,તા. ૮

વાર્ષિક અમરનાથ યાત્રા ઉપર મોટા ત્રાસવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. તોઈબા અને જૈશના ત્રાસવાદીઓ સહિત અન્ય સંગઠનના ત્રાસવાદીઓ પણ અમરનાથ યાત્રીઓને ટાર્ગેટ બનાવવા માટેની યોજના બનાવી રહ્યા છે. હુમલા થઈ શકે છે તેવા અહેવાલને લઈને અમરનાથ યાત્રીઓની સુરક્ષાને લઈને વધુ પગલા લેવામાં આવી રહ્યા છે. ત્રાસવાદી સંગઠન ગજવાત ઉલ હિન્દ, જૈશે મોહમ્મદ અને તોયબાના ત્રાસવાદીઓ યાત્રા રૂટના જુદા જુદા હિસ્સાને વહેચીને હુમલા કરવાની યોજના ધરાવે છે. સુત્રોના કહેવા મુજબ જાકિર મુસા જે અંસાર ગજવત ઉલ હિન્દનો કમાન્ડર છે તે યાત્રા રૂટના સૌથી મહત્વપૂર્ણ હિસ્સા ગણાતા ચંદનવાડીની રેકી કરી છે. આ ઉપરાંત પહલગામના રસ્તાની પણ તે રેકી કરી ચુક્યો છે. આ રેકીમાં જાકિર મુસાનો એક ત્રાસવાદી કમાન્ડર પણ સામેલ હતો. ગુપ્તચર સંસ્થાઓના કહેવા મુજબ હિજબુલ મુજાહીદીનના ત્રાસવાદીઓ વાલરહમા ખાતે દેખાયા છે. આર્મી અને સુરક્ષા દળોને પણ આ લોકો ટાર્ગેટ બનાવી શકે છે. લરકીપોરા અને ફતેહપુરા વચ્ચેના સ્થળ મુખ્ય ટાર્ગેટ સ્થળ હોઈ શકે છે. જૈશ અને હિજબુલના ત્રાસવાદીઓ હાલમાં દ્રાસ સેક્ટરના મશ્કોહ વેલીમાં પણ જોવા મળ્યા છે. અર્ધલશ્કરી દળો, સેના અને યાત્રીઓ ઉપર હુમલા કરવાની ફિરાકમાં ત્રાસવાદીઓ દેખાઈ રહ્યા છે. ત્રાસવાદી સંગઠન રોડ ઓપેનિંગ પાર્ટી ઉપર પણ હુમલો કરી શકે છે. બીજી બાજુ અમરનાથ યાત્રા હાલમાં સાનુકળ અને શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે.આજે સવારે નવી ટુકડી રવાના કરવામાં આવી હતી. આ વખતે આતંકવાદી હુમલાની દહેશતને ધ્યાનમાં લઈને સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.છેલ્લા ત્રણ વર્ષની અંદર આ વર્ષે સૌથી વધારે સંખ્યામાં અમરનાથ શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે. અમરનાથમાં આ વખતે શ્રદ્ધાળુઓની સંખ્યા ત્રણ લાખથી પણ ઉપર પહોંચી શકે છે. કારણ કે અમરનાથ યાત્રા હજુ પૂર્ણ થવામાં ઘણો સમય છે. શ્રદ્ધાળુઓનો ધસારો અકબંધ રહ્યો છે. બંને રૂટ બલતાલ અને પહેલગામથી શ્રદ્ધાળુઓ યાત્રા કરી રહ્યા છે. વાર્ષિક અમરનાથ યાત્રામાં કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે આ વખતે વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે. કેન્દ્રમાં મોદી સરકાર પોતે આ વખતે ગંભીર દેખાઈ રહી છે. મોદી સરકારે સુરક્ષાની ખાતરી કરવા તમામ પગલા લીધા છે. કઠોર સુરક્ષા પાસાના કારણે યાત્રા શાંતિપૂર્ણ રહી છે.

## ૨.૭૪ લાખથી વધુ શ્રદ્ધાળુ હજુ સુધી દર્શન કરી ચુક્યા

શ્રીનગર, તા. ૮

અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે ચાલી રહી છે. હજુ સુધી દર્શન કરનાર શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૨.૭૪ લાખ સુધી પહોંચી ગઈ છે. આ આંકડો ત્રણ લાખથી પણ ઉપર પહોંચે તેવી શક્યતા છે. આજે સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ૨૩૭ શ્રદ્ધાળુઓની નાની ટુકડી દર્શન માટે રવાના થઈ હતી. અમરનાથ યાત્રાનો આજે ૪૧મો દિવસ હતો. ગઈકાલે ૩૪૮ શ્રદ્ધાળુઓ દ્વારા દર્શન કરવામાં આવ્યા હતા. આની સાથે જ કુદરતીરીતે બનતા બાબા બર્ફાની દરબારમાં ઉપસ્થિત થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા વધીને ૨૭૪૪૬૬ ઉપર પહોંચી ગઈ હતી. આજે સવારે ૧૪ વાહનોમાં શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. ૨૮મી જૂનના દિવસે અમરનાથયાત્રા શરૂ થયા બાદથી હજુ સુધી ૨.૭૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર ગુફામાં સ્થિત કુદરતી રીતે બનતા શિવલીંગના દર્શન કરી ચુક્યા છે. આ અમરનાથ યાત્રા ૨૬મી ઓગસ્ટના દિવસે રક્ષાબંધનના દિવસે પૂર્ણ થનાર છે.

## બિહાર શેલ્ટર હોમ : દબાણ વચ્ચે મન્જુ વર્માનું રાજીનામુ

પટણા,તા. ૮

મુઝફ્ફરપુર ગૃહ રેપ કાંડમાં વિપક્ષના વધતા જતાં દબાણ વચ્ચે બિહારના સામાજિક કલ્યાણમંત્રી મંજુ વર્માએ આજે રાજીનામુ આપી દીધું છે. આ મામલાની તપાસ સીબીઆઈ કરી રહી છે અને એવામાં શંકા હતી કે, તેમની તપાસ મંજુ વર્માના પતિ ચંદ્રેશ્વર વર્મા સુધી પહોંચી શકે છે. આ પહેલા મંજુ વર્માના રાજીનામા ઉપર બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે કહ્યું હતું કે, મંત્રીએ તેમને મળીને ખુલાસો કરી દીધો છે. તેમણે એણ પણ કહ્યું હતું કે, કારણ વગર કોઈને જવાબદાર ઠેરવી શકાય નહીં. મુઝફ્ફરપુરના એક શેલ્ટર હોમમાં ૩૪ બાળકીઓ સાથે રેપની ઘટના સપાટી ઉપર આવ્યા બાદથી બિહારની રાજનીતિમાં આઘાતનું મોજુ ફરી વળ્યું છે. હજુ સુધી મુખ્ય આરોપી બ્રજેશ ઠાકુર સહિત ૧૦ની ધરપકડ કરવામાં આવી છે. કેન્દ્રીય તપાસ બ્યુરો સીબીઆઈએ મુઝફ્ફરપુર શેલ્ટર હોમ રેપ કેસની તપાસમાંથી સમગ્રરીતે પુરાવા એકત્રિત કરવાની તૈયારી કરી લીધી છે. સીબીઆઈની ટીમે સ્થાનિક પોલીસ, વહીવટીતંત્ર પાસેથી દસ્તાવેજો મેળવી લીધા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બિહારના મુઝફ્ફરપુર શેલ્ટર હોમમાં યુવતિઓ સાથે રેપની ઘટના પર મચી ગયેલા રાજકીય ઘમસાણ વચ્ચે મુખ્યપ્રધાન નીતીશ કુમારે સોમવારના દિવસે વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. નીતીશ કુમારે કહ્યુ હતુ કે આ સમગ્ર ઘટના પર માત્ર રાજનીતિ રમવામાં આવી રહી છે. નીતીશ કુમારે દિલ્હીમાં આરજેડીના નેતૃત્વમાં વિરોધ પક્ષ દ્વારા કરવામાં આવેલા ધરણા પ્રદર્શન ઉપર પણ પ્રહારો કર્યા હતા.નીતીશ કુમારે કહ્યુ હતુ કે આ મામલામાં જે કઈપણ દોષિત હશે તેમની સામે પગલા લેવામાં આવશે. આ કેસમાં સીબીઆઇ તપાસ કરી રહી છે. બિહારને લઈને રાજકીય ઘમસાણ વચ્ચે ઉત્તરપ્રદેશમાં પણ આવો જ મામલો સપાટી પર આવી ચુક્યો છે.બિહારમાં મંજુ વર્માના રાજીનામાથી ફરી એકવાર રાજકીય ગરમી જામી છે.

## કરૂણાનિધિની દફનવિધિમાં લોકો ઉમટી પડ્યા



ચેન્નાઈ,તા. ૮

તમિળનાડુના પાંચ વખત મુખ્યમંત્રી રહી ચુકેલા ડીએમકેના વડા એમ કરૂણાનિધિના અંતિમ સંસ્કાર વેળા લોકો ઉમટી પડ્યા હતા. જનસૈલાબ ચેન્નાઈના માર્ગો ઉપર ઉમટી પડ્યા બાદ પોલીસને પણ ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ચેન્નાઈમાં રાજાજી હોલથી કરૂણાનિધિની શવયાત્રા નિકળી હતી ત્યારબાદ મરીના બીચ ઉપર તેમની દફનવિધિની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મદ્રાસ હાઈકોર્ટે ડીએમકેના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કરૂણાનિધિને મરીના બીચ ઉપર દફનવિધિ માટે મંજુરી આપી દેવામાં આવ્યા બાદ સસ્પેન્સનો અંત આવ્યો હતો અને અંતિમવિધિની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અંતિમવિધિ વેળા માર્ગોની ચારેબાજુ લોકો ઉમટી પડ્યા હતા. તેમના દર્શન માટે પડાપડી થઈ હતી. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા હોવાના કારણે તેમની દફનવિધિ કરવામાં આવી હતી.

## કર્ણાટક કેબિનેટનું ટૂંકમાં વિસ્તરણ કરવાની હિલચાલ

બેંગ્લોર,તા. ૮

કોંગ્રેસના નારાજ ધારાસભ્યોને મનાવવાના પ્રયાસ યુદ્ધનાધોરણે ચાલી રહ્યા છે. જેડીએસ-કોંગ્રેસ સરકારે હવે કેબિનેટ વિસ્તરણ માટેની તૈયારી કરી લીધી છે. ૧૧મી ઓગસ્ટના દિવસે પુરા થઈ રહેલા ગાળા બાદ કેબિનેટના વિસ્તરણ કરવામાં આવનાર છે. રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે, ઘણા સમયથી કુમારસ્વામી સરકારમાં ચાલી રહેલી ખેંચતાણનો અંત લાવવામાં આવશે. એચડી કુમારસ્વામીને ૧૦ સપ્તાહ જુની સરકારને ગબડાવવાના પ્રયાસ થઈ રહ્યા છે તેવા અહેવાલ હાલમાં આવી રહ્યા છે. ૮-૧૦થી નારાજ કોંગ્રેસના ધારાસભ્યો ગઠબંધન સરકારને ગબડાવી દેવા ભાજપ સાથે હાથ મિલાવવા તૈયારીમાં છે તેવા અહેવાલ હાલમાં જ આવ્યા હતા. આવી સ્થિતિમાં કેબિનેટ વિસ્તરણની તૈયારી હાથ ધરવામાં આવી છે. તેમના કોંગ્રેસ ધારાસભ્યોને મનાવવાના પ્રયાસ પણ આરીતે કરવામાં આવનાર છે. ભાજપનું સંખ્યાબળ હાલમાં બહુમતિના આંકડાથી ઓછું છે. આવી સ્થિતિમાં બહુમતિ સુધી પહોંચવાના અંતિમ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સરકારની રચના કરવા માટે ભાજપ માટે માર્ગ મોકળો કરવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. કોંગ્રેસ સુત્રોએ એવા અહેવાલને રદિયો આપ્યો છે કે, હાઈકમાન્ડ ઉપર દબાણ આવ્યા બાદ આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. કુમારસ્વામી સરકારમાં નારાજ સભ્યોને સામેલ કરવા માટેની કવાયત હવે શરૂ થઈ ચુકી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાનું કહેવુ છે કે, નંબર ગેમની લડાઈ હવે દેખાઈ રહી નથી.

બીજી બાજુ ભાજપના રાજ્ય એકમના વડા બીએસ યેદીયુરપ્પા મંગળવારના દિવસે રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને મળ્યા હતા. નવી દિલ્હીમાં આ બેઠક યોજાઈ હતી જેમાં ગઠબંધન સરકારને ગબડાવી દેવાના મુદ્દા ઉપર ચર્ચા વિચારણા થઈ હતી. ભાજપ સુત્રોનું કહેવું છે કે, અમિત શાહ અને રામલાલે ઉતાવળમાં કોઈ પગલા નલેવા યેદીયુરપ્પાને હાલમાં કહ્યું છે. પાર્ટી સુત્રોનું કહેવું છે કે, યેદીયુરપ્પાને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે તૈયારી પર ધ્યાન આપવા કહેવામાં આવ્યું છે. બીજી બાજુ કેપીસીસીના વડા દિનેશનું કહેવું છે કે, નાણા અને અન્ય લાલચ આપીને કોંગ્રેસના ધારાસભ્યોને પોતાની તરફેણમાં કરવા માટે ભાજપના પ્રયાસો ચાલી રહ્યા છે. સરકારને ઉથલાવી દેવા માટે ભાજપ તરફથી બનતા તમામ પ્રયાસ થઈ રહ્યા છે. કુમારસ્વામી પણ આના માટે તૈયારી કરી ચુક્યા છે. પાર્ટી સુત્રોનું કહેવું છે કે, મ્યુનિસિપલ વહીવટીતંત્રમાં પણ ફેરફારને લઈને ચર્ચા ચાલી રહી છે. કોંગ્રેસના નારાજ ધારાસભ્યો રાજીનામુ આપે તો ભાજપ માટે સ્થિતિ સરળ બની શકે છે. ભાજપને સરકારને ગબડાવી દેવા ૧૫ ધારાસભ્યોની જરૂર છે.

## રાહુલને વચગાળાની રાહત આપવા કોર્ટનો સાફ ઈન્કાર



નવીદિલ્હી,તા.૮

નેશનલ હેરાલ્ડ કેસ અને યંગ ઈન્ડિયા મામલામાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને આજે કોઈપણ રાહત આપવાનો દિલ્હી હાઈકોર્ટે ઈન્કાર કરી દીધો હતો. રાહુલ ગાંધીએ નેશનલ હેરાલ્ડ અને યંગ ઈન્ડિયા વચ્ચે લેવડદેવડ સાથે જોડાયેલા ટેક્સ મુલ્યાંકનની ફાઈલને ફરી ખોલવાના આદેશને પડકાર ફેંકીને અરજી કરી હતી પરંતુ આની નોંધ લેવાઈ ન હતી. રાહુલ ગાંધીના વકીલોએ કોર્ટને આગ્રહ કર્યો હતો કે આ મામલા સાથે જોડાયેલા મીડિયા કવરેજ પર પણ પ્રતિબંધ મુકવામાં આવે. રાહુલ ગાંધીના વકીલોએ તર્કદાર દલીલો કોર્ટમાં રજૂ કરી હતી. રાહુલના વકીલો તરફથી કરવામાં આવેલી રજૂઆતની કોર્ટે નોંધ લીધી હતી પરંતુ ન્યાયમૂર્તિ એસ રવીન્દ્ર ભટ્ટ અને ન્યાયમૂર્તિ એકે ચાવલાની પીઠે આ આગ્રહને પણ ફગાવી દીધો હતો. આ મામલે વધુ સુનાવણી ૧૪ ઓગસ્ટે હાથ ધરાશે. રાહુલ ગાંધીને આવકવેરા વિભાગે આ વર્ષે માર્ચમાં નોટિસ આપીને ૨૦૧૧-૧૨ દરમિયાન ટેક્સ રી-એસેસમેન્ટ કરવા માટે કહ્યું હતું. આવકવેરા વિભાગની દલીલ છે કે, રાહુલ ગાંધીએ યંગ ઈન્ડિયાની ડાયરેક્ટરશિપ વિશે જાણકારી આપી ન હતી. બીજીતરફ રાહુલ ગાંધીના વકીલનું કહેવું છે કે કોઈ આવક થઈ નથી, અને કોઈ ટેક્સ આપવાનો થતો નથી. એડિશનલ સોલિસિટર જનરલ તુષાર મેહતા દ્વારા આ મામલામાં કોઈ વચગાળાનો આદેશ આપવાના ગાંધીના વકીલોની રજૂઆતનો વિરોધ કરવામાં આવ્યો. આવકવેરા વિભાગ અનુસાર ગાંધીની આવકનું વર્ષ ૨૦૧૧-૧૨ માટે ફરીથી અંદાજ લગાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેવું એટલા માટે કરવામાં આવ્યું, કારણ કે તેમણે એ વાતનો ખુલાસો કર્યો ન હતો કે તે ૨૦૧૦થી યંગ ઈન્ડિયન કંપની પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર હતા.

## જમ્મુ કાશ્મીરમાં વધુ ચાર આતંકવાદીને ઠાર મરાયા

શ્રીનગર,તા. ૮

જમ્મુ કાશ્મીરના બારામુલા જિલ્લામાં રાફિયાબાદના વન્ય વિસ્તારમાં સેનાએ આજે મોટુ ઓપરેશન હાથ ધર્યું હતું. આ ઓપરેશન દરમિયાન સેનાને મોટી સફળતા હાથ લાગી હતી અને ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ત્રાસવાદીઓ પર હાલમાં શનિકાળ ચાલી રહ્યો છે. સેનાએ ઓપરેશન ઓલઆઉટના ભાગરુપે એક પછી એક ઓપરેશન પાર પાડીને ખૂંખાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતાર્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વતંત્રતા દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓની ઘુસણખોરીના એક મોટા પ્રયાસને ગઈકાલે નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો હતો. બાંદીપોરા જિલ્લાના ગુરેજ સેક્ટરમાં ગોવિંદનાલા ખાતે આર્મીની પેટ્રોલ ટુકડી અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આઠથી વધુ ત્રાસવાદીઓની ટુકડીએ ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો. જો કે, સામ સામે અથડામણ થયા બાદ ચાર ત્રાસવાદીઓ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં પાછા ભાગી ગયા હતા. બે ત્રાસવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા.

## ડોન દાઉદના નજીકના સાથીને પ્રત્યાર્પણ કરીને ભારત લવાશે

બેંગકોક,તા. ૮

થાઈલેન્ડમાં એક અપરાધિક કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમનો એક નજીકનો સાગરિત પાકિસ્તાની નથી બલ્કે ભારતીય નાગરિક છે. સઈદ મુઝક્કિર મુદસ્સર હુસૈન ઉર્ફે મોહમ્મદ સલીમ અને મુન્ના ઝિંગડા દાઉદની ડી કંપનીના એક હિસ્સા તરીકે રહ્યો છે. તેને હવે પ્રત્યાર્પણ કરીને ભારત સોંપવામાં આવનાર છે. થાઈલેન્ડે આ અંગેની તૈયારી દર્શાવી દીધી છે. ભારતમાં મોસ્ટ વોન્ટેડ અન્ડરવર્લ્ડ અપરાધી દાઉદ ઈબ્રાહીમ અને છોટા શકીલના નજીકના સાથી તરીકે ઝિંગડાને ગણવામાં આવે છે. મુન્ના ઝિંગડા બનાવટી પાકિસ્તાની પાસપોર્ટના આધાર પર બેંગકોક ગયો હતો. વર્ષ ૨૦૦૦થી તે ત્યાની જેલમાં બંધ છે. તેના ઉપર દાઉદના દુશ્મન છોટા રાજનની હત્યા કરવાના કવતરા ઘડી કાઢવાનો આરોપ રહ્યો છે. ઝિંગડાના પિતા મુદસ્સર હુસૈનની ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં મોટી ભૂમિકા હતી. પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈનું રક્ષણ પણ તેને મળેલું છે. મુન્ના ઝિંગડાની સજાને પહેલા ૩૪ વર્ષ કરી દેવામાં આવી હતી. થાઈલેન્ડમાં પાકિસ્તાની મિશને ફરીથી તેને લઈને સફળતા મેળવી હતી. તેની સજા ૨૦૧૬માં ઘટાડીને ૧૮ વર્ષ કરવામાં આવી હતી. પ્રત્યાર્પણ માટે કામગીરી થતી રહી છે. ડિસેમ્બર ૨૦૧૬માં તેને મુક્ત કરી દેવાની યોજના હતી.


धनापुरा जैन धर्मशाला

ए.सी./नोन ए.सी रूम और भोजनशाला की व्यवस्था है

ओफिस नं. 02848-252209

श्राविकाश्रम के सामने, नजरबाग के पास, नागनाथ मंदिर के पीछे, तलेटी रोड, पालीताणा

## તંત્રી સ્થાનેથી....

### સરદાર બંધમાં આ વખતે ૨૮ ટકા ઓછું પાણી રહ્યું

ગુજરાતની લાઈફલાઈન સમાન ગણાતા સરદાર સરોવર બંધમાં ગયા વર્ષે આજ ગાળાની સરખામણીમાં ૨૮ ટકા ઓછું પાણી છે. આ સરોવરમાં પાણીની સપાટી ૧૧૧ મીટર છે. આનો મતલબ એ થયો કે, ૯૪૬૦ મિલિયન ક્યુબિક મીટર ક્ષમતા પૈકી ૪૦ ટકા પાણી છે. ગયા વર્ષે એટલે કે ૨૦૧૭માં આ સમયે આંકડો ૫૫ ટકાનો રહ્યો હતો. ૨૦૧૭માં મોનસુન બાદ રાજ્ય સરકારને સિંચાઈ માટે નર્મદા પાણીના સપ્લાયને બંધ કરવાની ફરજ પડી હતી. ડેડ સ્ટોરેજમાંથી પીવાના પાણી માટે પાણીનો ઉપયોગ કરવા બાયપાસ ટનલનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી. સરકારે ગઈકાલે જ મહત્વપૂર્ણ બેઠક બોલાવી હતી જેમાં એવી ખાતરી કરવામાં આવી હતી કે, પીવાના પાણીના પુરવઠાને કોઈપણ અસર ન થાય. કમનસીબ બાબત એ છે કે, મધ્યપ્રદેશમાં નર્મદાના ૧૨૦૦ કિમીના કેચમેન્ટ વિસ્તારમાં પુરતો વરસાદ થયો નથી. મહારાષ્ટ્રમાં ઉકાઈ બંધના કેચમેન્ટ વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. રાજસ્થાનના ધરોઈમાં પણ આવી જ સ્થિતિ સર્જાઈ છે. સરદાર બંધ ઉપરાંત ગુજરાતમાં ૨૦૩ બંધમાં પણ સ્થિતિ સારી નથી. મધ્ય ગુજરાતના સ્ટોરેજ ક્ષમતા સારી રહી છે.

### ત્રણ લગ્ન તેમજ પરિવારથી કરૂણાનિધિ પૂર્ણ સંતુષ્ટ હતા

ચેન્નાઈ, તા. ૮

સપ્ટેમ્બર ૧૯૪૪ના દિવસે વર બનીને બેઠેલા ૨૦ વર્ષીય યુવક પોતાની પત્નિ માટે રાહ જોઈ રહ્યો હતો ત્યારે જ ત્યાંથી હિન્દુ વિરોધી રેલી પસાર થઈ હતી અને તેના ઉપર એવી અસર થઈ કે, તમિળ જિંદાબાદ હિન્દી મુર્દાબાદ કહીને તે જાન છોડીને ભાગી ગયો હતો અને પ્રદર્શનમાં જોડાઈ ગયો હતો. પતિના ઈન્તજારમાં રહેલી પત્નિ પદ્માવતી જે તમિળનાડુના ચિદમ્બરમના ગાયક સુંદરનારની પુત્રી હતી તે એક કલાક સુધી બેઠી રહી હતી. છેલ્લે યુવકને પકડીને સંબંધીઓ લઈ આવે છે અને લગ્ન થાય છે. આ પતિ કોઈ ઓર નહીં બલ્કે કરૂણાનિધિ હતા. ત્રણ લગ્ન થયા હોવા છતાં પરિવારથી તેઓ ખુબ જ સંતુષ્ટ હતા.

### પાડોશીના આક્ષેપોથી લાગી આવતાં આપઘાત

# પોલીસની સામે જ મેનેજરની પત્નિએ આપઘાત કરી લીધો

### ચારિત્ર્યને લઈ પાડોશીના આક્ષેપ બાદ મેનેજરની પત્નીને ગળેફાંસો ખાધો : પોલીસ અને સ્થાનિકોએ દરવાજો તોડ્યો

અમદાવાદ,તા.૮

શહેરના ન્યૂ નિકોલ વિસ્તારમાં આવેલા દેવનંદન એપાર્ટમેન્ટમાં ગઈકાલે એક બેન્ક મેનેજરની પત્નીએ પોલીસની સામે જ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ચારિત્ર્યને લઈ પાડોશી દંપતિ દ્વારા બેંક મેનેજરની પત્નીને બદનામ કરવાના પ્રયાસથી ત્રસ્ત પરિણિતાએ આખરે જીવન ટૂંકાવી લીધુ હતું. આ ઘટના પહેલાં પોલીસ આવી પહોંચી હતી પરંતુ તે પરિણિતાને બચાવી શકી ન હતી. બેંક મેનેજરની પત્નીએ ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લેવાની કોશિશ કરી હતી, ત્યારે ત્યાં આવી પહોંચેલી પોલીસ અને સ્થાનિક રહીશોએ દરવાજો તોડીને તેમને નીચે ઉતારી નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા પરંતુ ત્યાં જતાં તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટીની લાગણી પણ ફેલાઈ ગઈ હતી. આ બનાવને લઈ ન્યૂ નિકોલ વિસ્તારમાં આવેલા દેવનંદન એપાર્ટમેન્ટમાં રહેતા અને એચડીએફસી બેન્કમાં મેનેજર તરીકે ફરજ બજાવતા અરવિંદભાઈ પ્રેમશંકરભાઈ સોતીએ નિકોલ પોલીસ સ્ટેશનમાં પાડોશી દંપતિ વિરૂધ્ધ તેમની પત્ની આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની ફરિયાદ દાખલ કરી છે. જે મુજબ, અરવિંદભાઈને કમરની બીમારી હોવાથી તે ત્રણ મહિનાની મેડિકલ રજા પર છે અને ઘરે આરામ કરી રહ્યા છે. ગઈકાલે અરવિંદભાઈનાં સંતાનો બહાર રમતાં હતાં અને તેમનાં પત્ની ચન્દ્રકાંતાબહેન રાજસ્થાન તેમનાં સાસુ અને નણંદ સાથે વાત કરતાં હતાં ત્યારે એકાએક ઘરની બહારથી ઝઘડાનો અવાજ આવતો હતો. ચન્દ્રકાંતાબહેને ઘરની બહાર જોયું તો પાડોશમાં રહેતા લોકો તેમની સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. અરવિંદભાઈ ઘરની બહાર ગયા ત્યારે ચન્દ્રકાંતાબહેને તેમને કહ્યું હતું કે પાડોશમાં રહેતા રશ્મીકાંત નાગર અને તેમનાં પત્ની મને બદનામ કરે છે, તેમના ત્રાસથી હું કંટાળી ગઈ છું.

આ મામલાને લઈ રશ્મીકાંત અને અરવિંદભાઈ વચ્ચે બબાલ થઈ ગઈ હતી. રશ્મીકાંત સહિત સોસાયટીના લોકો પણ ચન્દ્રકાંતાબહેન વિરુદ્ધમાં બોલવા લાગ્યા હતા. આ બબાલને શાંત કરવા માટે અરવિંદભાઈએ પોલીસને જાણ કરી હતી. નિકોલ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે આવી ગઈ હતી ત્યારે ચન્દ્રકાંતાબહેન પાડોશીઓના ત્રાસથી કંટાળીને તેમના ઘરમાં જતાં રહ્યાં હતાં અને દરવાજો બંધ કરી દીધો હતો. ચન્દ્રકાંતાબહેને ગળાફાંસો ખાધો હતો. જોકે પોલીસ અને સ્થાનિકોએ સમયસર દરવાજો તોડી નાખ્યો હતો. પોલીસ ચન્દ્રકાંતાબહેનને નીચે ઉતારીને નજીકની હોસ્પિટલમાં લઈ ગઈ હતી, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યાં હતાં. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે આ મામલે રશ્મીકાંત નાગર અને તેમનાં પત્ની વિરુદ્ધમાં આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

### કોંગ્રેસના લોકો બળવો કરી રહ્યા છે : વાઘાણી

# મગફળી કૌભાંડ : કોંગ્રેસ પર જીતુ વાઘાણીના તીવ્ર પ્રહારો

### હવે નાફેડ ચેરમેન વાઘજીભાઈ મગફળીની ખરીદી અને ગોડાઉનની વ્યવસ્થાની જવાબદારીમાંથી છટકી શકે નહીં

અમદાવાદ,તા.૮

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ આજરોજ શ્રી કમલમ ભાજપા પ્રદેશ કાર્યાલય ખાતે પત્રકારોને સંબોધતા માંગણી કરી છે કે, નાફેડના ચેરમેન વાઘજી બોડા સામે મગફળી ખરીદી તેમજ ભેળસેળ અંગેની ગેરરીતી બાબતે ફોજદારી રાહે પગલા લેવા જોઈએ અને તેઓ કોંગ્રેસના આગેવાન હોય તેમજ કોંગ્રેસ તરફથી વિધાનસભાની ચૂંટણી લડેલા હોય કોંગ્રેસ તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવા માંગે છે કે કેમ ? તેનો કોંગ્રેસે ખુલાસો કરવો જોઈએ. મગનલાલ ઝાલાવાડીયા પણ કોંગ્રેસના આગેવાન છે જેમની પણ આ બાબતે ધરપકડ કરવામાં આવી છે તો તેમને પણ કોંગ્રેસ હજી સુધી પાર્ટીમાંથી સસ્પેન્ડ કેમ નથી કરતી ? કોંગ્રેસના પ્રમુખ અને વિપક્ષના નેતા આ બાબતે જવાબ આપે. જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, નાફેડના ચેરમેન તરીકે વાઘજીભાઈ બોડા મગફળીની ખરીદી અને ગોડાઉનની વ્યવસ્થાની જવાબદારીમાંથી છટકી શકે તેમ નથી. મગફળીની ખરીદીમાં કોઈ ગેરરીતી થઈ હોય તો કૃષિમંત્રીએ તથા સરકારી અધિકારીઓએ તેમને પગલા લેવા કહ્યું છતાંય વાઘજીભાઈએ કેમ પોલીસ ફરીયાદ કરી નહી ?



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વવાળી ગુજરાતની ભાજપા સરકારે તાત્કાલિક ધોરણે જવાબદારો સામે ફોજદારી ફરીયાદો કરીને કડક પગલા લીધા છે. અત્યાર સુધીમાં કુલ ૨૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનામાં સંડોવાયેલા કોઈપણને સરકાર છાવરવા માંગતી નથી તેવી સ્પષ્ટતા પણ કરી છે. વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગયા વર્ષે મગફળીનો મબલખ પાક થયો હતો ત્યારે મગફળીનો બજાર ભાવ ઘટીને ૬૦૦ રૂપિયા સુધી પહોચી ગયો હતો ત્યારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ખેડૂતહિતનો ઐતિહાસિક નિર્ણય લઈ ૯૦૦ રૂપિયાના ભાવે ૯ લાખ ટન મગફળીની ખરીદી કરી હતી. ત્યારે કોંગ્રેસ માત્ર જુઠ્ઠાણાઓ ફેલાવી ખોટા આક્ષેપો દ્વારા ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે. જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની સરકારે ગરીબ અને પછાત વર્ગો માટેના ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો મળે તે માટે સંસદમાં બીલ પાસ કર્યુ છે. જેનો ટુંક સમયમાં અમલ શરૂ થશે. આ તેમની પછાત વર્ગો માટેની નિષ્ઠા બતાવે છે. કોંગ્રેસ પક્ષની સરકારોને આ કેમ ક્યારેય સુઝ્યુ નહી ? તેનો જવાબ કોંગ્રેસ આપે. ગુજરાત ભાજપા આ નિર્ણય બદલ કેન્દ્રની ભાજપા સરકારને અભિનંદન આપીને વધાવે છે અને રાજ્યભરમાં ભાજપા દ્વારા તેની ઉજવણીઓ કરવામાં આવશે. વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં કોંગ્રેસ નેતૃત્વવિહોણી છે અને તેમના કાર્યક્રમોને પ્રજાનું સમર્થન મળતુ નથી. કોંગ્રેસ પ્રજાનો વિશ્વાસ જીતી શકી નથી. કોંગ્રેસના આંતરિક ઝગડાઓ તરફથી લોકોનું ધ્યાન બીજે દોરવા માટે વિરોધપક્ષના નેતા ઉપવાસનું નાટક કરે છે પરંતુ તેમના પક્ષનું તેમને સમર્થન અને સહકાર મળતો નથી. જીલ્લા અને તાલુકાના સંગઠનમાં અને પંચાયતોમાં કોંગ્રેસના લોકો બળવો કરીને પાર્ટી છોડી રહ્યા છે. કોંગ્રેસમાં ઉકળતો ચરૂ છે ત્યારે લોકોનું ધ્યાન બીજે દોરવા નિષ્ફળ પ્રયાસ કોંગ્રેસ કરી રહી છે.

# OBC આયોગને બંધારણીય દરજ્જો આપવા બદલ પ્રશંસા

અમદાવાદ,તા.૮

ભાજપ પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યુ હતુ કે, આજરોજ ભાજપા કાર્યાલય કમલમ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં પ્રદેશ હોદ્દેદારો અને મોરચાના પ્રમુખઓની બેઠક મળી હતી. જેમાં સંગઠનાત્મક અને આગામી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં દરેક મોરચાના પ્રમુખઓએ મોરચા દ્વારા યોજવામાં આવેલા કાર્યક્રમો અને આગામી યોજનાર કાર્યક્રમો અંગે માહિતી આપી હતી. આ ઉપરાંત લોકસભા અધ્યયન અને સંકલન સમિતિ લોકસભાની ચૂંટણી માટે બનાવી છે તે ટીમ દરેક લોકસભામાં મંડલસઃ પ્રવાસ કરી રહી છે અને ૧૫ ઓગષ્ટ સુધીમાં આ ટીમ પોતાનો પ્રવાસ પૂર્ણ કરશે. આજની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને રાષ્ટ્રીય ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપતું બીલ સંસદમાં પસાર કરાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા તેમજ ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને મહિલા સુરક્ષા માટે અભયમ એપ બનાવવા માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વૃક્ષા રોપણ, નિદાન કેમ્પ તેમજ રક્ષાબંધન અને ૯ ઓગષ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે અનૂસૂચિત જનજાતિ મોરચા દ્વારા મંડલસઃ પ્રકૃતિ અને સંસ્કૃતિ પૂજનના કાર્યક્રમો યોજાશે. તારીખ ૧૮-૧૯ ઓગષ્ટના રોજ કેન્દ્રિય ભાજપા કારોબારી બાદ ગુજરાત ભાજપાની કારોબારી તારીખ ૨૪-૨૫ ઓગષ્ટના રોજ સુરત ખાતે યોજાનાર છે તેની પૂર્વ તૈયારી માટે પણ આ બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દરમિયાન આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે ભાજપા ઓબીસી મોરચાના અધ્યક્ષ દિનેશભાઈ અનાવાડીયાની અધ્યક્ષતામાં ઉત્તર ઝોનની બેઠક મળી હતી. જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તથા ઉપાધ્યાક્ષ આઈ.કે.જાડેજાએ ઉપસ્થિત રહી વિશેષ માર્ગદર્શન આપ્યુ હતુ.આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહે ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપવા માટેની વર્ષો જુની માંગણી પૂરી કરી લોકસભા તેમજ રાજ્યસભામાં આ બીલ પસાર કરી ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો આપ્યો તેથી તેમને અભિનંદન આપતો ઠરાવ આ બેઠકમાં પસાર કરેલ હતો તેમજ ઓબીસી સમાજના ઘર-ઘર સુધી આ સંદેશ પહોચાડવા માટે ભાજપાના કાર્યકર્તાઓને આહવાન કર્યુ હતુ. ઓબીસી સમાજને કોંગ્રેસે વર્ષો સુધી અન્યાય કરી ઓબીસી આયોગને બંધારણીય દરજ્જાથી વંચિત રાખ્યા હતા. જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકારે ઓબીસી આયોગને બંધારણીય દરજ્જો અપાવી ઓબીસી સમાજને ન્યાય અપાવ્યો છે. બેઠકમાં નક્કી થયેલ કાર્યક્રમો મુજબ ભાજપાના ઓબીસી મોરચા દ્વારા ભાજપાની કેન્દ્ર તથા રાજ્ય સરકારની ઓબીસી સમાજના ઉત્કર્ષ માટેની યોજનાઓનો પ્રચાર બુથ સુધીના ઓબીસી સમાજના લોકો સુધી પહોચાડી લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ અપાવવા માટે કાર્યકર્તા મધ્યસ્થી બની કાર્ય કરશે.

# મોદી, રાહુલ, રજનીકાંત અને કમલ હાસન દ્વારા પણ અંજલિ

ચેન્નાઈ, તા. ૮

કરૂણાનિધિને શ્રદ્ધાંજલિ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, ફિલ્મ સ્ટાર રજનીકાંત, ફિલ્મ સ્ટાર કમલ હસન સહિતની તમામ હસ્તીઓ પહોંચી હતી. એક સમયે દ્રવિડ આંદોલનના કેન્દ્રબિંદુ રહેલા કરૂણાનિધિની અંતિમ યાત્રા આજે શરૂ થઈ હતી તે પહેલા તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે તમામ ટોચની હસ્તીઓ પહોંચી હતી. કરૂણાનિધિને જે કાંચના બોક્સમાં રાખવામાં આવ્યા હતા તેના ઉપર લખવામાં આવ્યું હતું કે, જે વ્યક્તિ કોઈપણ આરામ વગર કામ કરી રહી હતી તે વ્યક્તિ હવે આરામ કરી રહી છે. મરીના બીચ ઉપર કરૂણાનિધિ માટે સમાધિ બનાવવા માટેનો મામલો પણ ખુબ જ ગરમ બન્યો હતો અને મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. અભિનેતા કમલ હસને પણ રાજાજી હોલ ખાતે પહોંચીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મરીના બીચ ઉપર અન્ના મેમોરિયલ નજીક લોકો ઉમટી પડ્યા હતા. દફનવિધિની તૈયારીઓ પહેલાથી શરૂ કરવામાં આવી હતી. લોકો ઉપર નજર રાખવા માટે ડ્રોનનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો. આર્મીની ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી હતી. મરીના બીચ ઉપર કરૂણાનિધિની દફનવિધિ થઈ હતી. આરજેડીના તેજસ્વી યાદવ, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ એમકે સ્ટાલિનની સાથે દેખાયા હતા. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ રાજાજી હોલ ખાતે પહોંચીને કરૂણાનિધિને શ્રદ્ધાંજલિ આપી હતી. કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ પહોંચ્યા હતા. ત્રણ કિલોમીટરથી પણ વધુના માર્ગ ઉપર અંતિમયાત્રા નિકળી હતી. સાંજે ચાર વાગ્યાની આસપાસ રાજાજી હોલથી આની શરૂઆત કરવામાં આવી હતી.

# કરૂણાનિધિ અવસાન : રાજાજી હોલમાં ભાગદોડમાં બેના મોત

### સવારમાં ૧૧.૧૫ વાગ્યાની આસપાસ પોલીસે ટુકડીમાં સમર્થકોને જવાની મંજુરી અપાયા બાદ સ્થિતિ કાબૂ બહાર

ચેન્નાઈ, તા. ૮

ચેન્નાઈમાં રાજાજી હોલ ખાતે મચી ગયેલી ભાગદોડમાં બે લોકોના મોત થયા હતા અને અન્ય ૩૦ લોકો ઘાયલ થયા હતા. રાજાજી હોલ ખાતે તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રીનું પાર્થિવ શરીર રાખવામાં આવ્યું હતું. અહીં કરૂણાનિધિનો અંતિમ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સવારે ૧૧.૧૫ વાગ્યાની આસપાસ આ ભાગદોડ મચી ગઈ હતી. તે વખતે પોલીસે તબક્કાવારરીતે બેચમાં રાજાજી હોલમાં પ્રવેશ કરવા લોકોને મંજુરી આપી હતી પરંતુ એકાએક જ જોરદાર ધસારો થયો હતો અને ઘણા લોકો પડી ગયા હતા. તેમની પાછળ રહેલા અન્ય લોકો તેમના ઉપર પડી ગયા હતા. ઘાયલ થયેલાઓને તરત જ રાજીવ ગાંધી સરકારી જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં ગંભીરરીતે ઘાયલ થયેલા એક મહિલા અને એક પુરુષનું મોત થઈ ગયું હતું. મૃત્યુ પામેલા મહિલાની ઓળખ ૬૦ વર્ષીય સેનબાગામ તરીકે થઈ હતી જે એમજીઆરનગરની નિવાસી હતી. પુરુષની ઓળખ થઈ શકી નથી. અગાઉ ડીએમકેના બે ગ્રુપ વચ્ચે પણ મૌખિક બોલાચાલી બાદ ખેંચતાણ થઈ હતી. સામ સામે મારામારી થઈ હતી જેમાં ઘાયલ થયેલા બે લોકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આજે આ ઘટનાથી ભારે ખળભળાટ મચી ગયો હતો. જો કે, પોલીસે તરત જ સ્થિતિને કાબૂમાં લીધી હતી અને લોકોના ધસારા ઉપર અંકુશ મુકવામાં સફળતા મેળવી હતી. જેના લીધે વધારે નુકસાન ટળી ગયું હતું. ભાગદોડમાં બે લોકોના મોતના સમાચાર પણ આગની જેમ ફેલાયા હતા અને પોલીસે તરત જ બેરીકેડ મુકીને લોકોની અવરજવર ઉપર બ્રેક મુકી દીધી હતી. મૃત્યુ પામેલા પુરુષની ઓળખ કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. ઘાયલ થયેલા લોકો પૈકી કેટલાક લોકો ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. જો કે, તેમના નામ પણ હજુ જાણી શકાયા નથી.

# મગફળીની દેખરેખ-જાળવણી રાખવા માટેનું કામ નાફેડનું છે

અમદાવાદ, તા.૮

સમગ્ર રાજયમાં મગફળી કૌભાંડને લઈ રાજકારણ ગરમાયું છે અને ભાજપ-કોંગ્રેસ બંને આ કૌભાંડને લઈ સામ-સામે આવી ગયા છે અને આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે ત્યારે આ કૌભાંડમાં નાફેડના ચેરમેનના ભત્રીજા રોહિત બોડાની પણ ધરપકડ થતાં રેલો નાફેડ સુધી પહોંચ્યો છે. આ તમામ રાજકીય ઘમાસાણ વચ્ચે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે બહુ મોટી સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, નાફેડના ચેરમેનનું કામ મગફળીની દેખરેખ રાખવાનું છે. મગફળીની સારસંભાળ અને જાળવણીની જવાબદારી નાફેડમાં આવે. નીતિન પટેલે એક તબક્કે નાફેડના ચેરમેન અને કોંગ્રેસ વચ્ચે સાંઠગાંઠ હોવાનો ગંભીર આરોપ લગાવતાં ભારે ખળભળાટ મચી ગયો છે. રાજયમાં મગફળી કૌભાંડમાં શાસક અને વિપક્ષ વચ્ચે આક્ષેપો પ્રતિ આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે નાફેડના ચેરમેન વાઘજીભાઈ બોડાએ તાજેતરમાં જ કોંગ્રેસ પક્ષ દ્વારા ટંકારા ખાતે આયોજિત તાલુકા કોંગ્રેસના સંમેલનમાં મગફળી કાંડમાં મલાઈ કોણ તારવી ગયું ? તેમ કહી મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણી અને કૃષિ મંત્રી પર કરેલા તમામ આક્ષેપોના નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલે આક્રોશપૂર્ણ જવાબ આપ્યો છે. નીતિનભાઈ પટેલે આકરા પ્રહારો સાથે ગંભીર આરોપ લગાવ્યો હતો કે, સમગ્ર કૌભાંડમાં નાફેડના ચેરમેન વાઘજીભાઈ બોડા કે જેઓ કોંગ્રેસના અગ્રણી છે અને બીજી તરફ સરકારની વિરુદ્ધ આક્ષેપ કરનાર વિપક્ષી નેતા પરેશ ધાનાણી બંને વચ્ચે સાંઠગાંઠ છે. નીતિન પટેલે આ સિવાય પણ કોંગ્રેસ પર અનેક આરોપો કર્યા હતા. જેને લઈને રાજકારણ ગરમાયું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં મગફળી ખરીદવાનું કામ સરકારે શરૂ કર્યુ હતું. મગફળીનું ખરીદ અને વેચાણએ નાફેડની દેખરેખમાં એટલે કે જવાબદારીમાં આવે. મગફળીની સારસંભાળ રાખવાની જવાબદારી નાફેડની છે. નીતિન પટેલે નાફેડના ચેરમેન વાઘજી બોડાના આક્ષેપો પર નિવેદન આપતા જણાવ્યું કે, વાઘજીભાઈનું નિવેદન એ આઘાતજનક છે. વાઘજી બોડાએ લગાવેલાં આક્ષેપો ખોટા છે. વાઘજીભાઈએ અત્યાર સુધી કોઈ જ ફરિયાદ કરી નથી. સરકાર અને મંત્રીઓને એવી ખબર પડતી નથી અને તેઓ આડેધડ વાતો કરે છે.આ મામલે મારે કંઈ પણ કહેવાની જરૂર નથી. પરંતુ કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, આ મામલે જવાબદારી નાફેડની છે. કૃષિ મંત્રીનાં નિવેદન બાદ મારે સ્પષ્ટતા કરવી છે કે, આ કેસમાં નાફેડ જવાબદાર હોય તો સરકારે નાફેડ પર જરૂરી કાર્યવાહી કરવી જોઈએ. આમાં જે પણ જવાબદાર હોય તેઓની સામે કાર્યવાહી કરવામાં આવે. મહત્વનું છે કે આ મામલે અમે તપાસની માંગ પણ કરી છે. જે જવાબદાર લોકો હોય તેની તપાસ કરવી જોઈએ. નાફેડનું કામ એ માત્ર સર્વિસ ચાર્જ લેવાનું છે પરંતુ નાફેડનું બીજુ અન્ય કોઈ જ કામ નથી. નીતિન પટેલના આ નિવેદન બાદ હવે સરકાર અને નાફેડ એકબીજાની સામે આવ્યા છે, તેથી આગામી દિવસોમાં હવે નાફેડ શું ઘટસ્ફોટ કરે છે તે જોવાનું રસપ્રદ રહેશે.

# હિન્દુ હોવા છતાં કરૂણાની દફનવિધિ કરવામાં આવી

ચેન્નાઈ, તા. ૮

મદ્રાસ હાઈકોર્ટે ડીએમકેના અધ્યક્ષ અને તમિળનાડુનના દ્રવિડ આંદોલનના યોદ્ધા કરૂણાનિધિને મરીના બીચ ઉપર દફનાવવાની મંજુરી આપ્યા બાદ આ વિષયને લઈને પણ સમર્થકોમાં ચર્ચા રહી હતી. એક હિન્દુ નેતા હોવા છતાં કરૂણાનિધિની દફનવિધિ કેમ કરવામાં આવી તેને લઈને ચર્ચા જાગી હતી પરંતુ આની પાછળ કારણ એ રહ્યું છે કે, તેમનું દ્રવિડ આંદોલન સાથે કનેક્શન રહ્યું છે. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા મોટાભાગના નેતાઓની હજુ સુધી દફનવિધિ જ કરવામાં આવી છે. પેરિયાર, ડીએમકેના સ્થાપક અન્ના દુરાઈ, એમજી રામચંદ્રન, જયલલિતા આ તમામને મરીના બીચ ઉપર જ જગ્યા મળી છે જેથી કરૂણાનિધિને પણ દફનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. હકીકતમાં દ્રવિડ આંદોલન મુખ્યરીતે બ્રાહ્મણવાદ અને હિન્દી ભાષાના વિરોધથી શરૂ થયું હતું. આજ કારણસર દ્રવિડો પ્રત્યે સંવેદના રાખનાર રાજનેતાઓના અવસાન બાદ તેમને બ્રાહ્મણવાદ અને હિન્દુ પરંપરાની વિરુદ્ધ દફનાવવામાં આવ્યા છે. આ પરંપરા તમિળનાડુમાં બ્રાહ્મણવાદી પરંપરાની વિરુદ્ધ લાંબા સમયથી ચાલી રહી છે. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા નેતા ભગવાનને માનતા નથી. કરૂણાનિધિ પોતે પણ કહી ચુક્યા હતા કે, તેઓ નાસ્તિક છે. તેમને ભગવાનમાં આસ્થા નથી. દ્રવિડ આંદોલનના પિતામાહ તરીકે સમાજ સુધારક રામાસ્વામી પેરિયારને ગણવામાં આવે છે. તેઓએ બ્રાહ્મણવાદી વિચારધારા અને હિન્દુ કુરીતિઓનો વિરોધ કર્યો હતો. ૧૯૪૪માં પેરિયારે દ્રવિડ કઝાગમ નામથી પાર્ટીની રચના કરી હતી. જો કે, મોડેથી અન્ના દુરાઈ સાથે તેમના મતભેદ થયા હતા જેના લીધે અન્ના દુરાઈએ દ્રવિડ મુનેત્ર કઝગમ એટલે કે ડીએમકેની રચના કરી હતી. આ પાર્ટી મારફતે તમિળનાડુની રાજનીતિમાં પોતાના વિશેષ સ્થાન રાખનાર નેતાઓના એમજી રામચંદ્રન અને કરૂણાનિધિ હતા. અન્ના દુરાઈના મોત બાદ ડીએમકેની જવાબદારી કરૂણાનિધિના હાથમાં આવી હતી. મતભેદોના લીધે એમજીઆરે ત્યારબાદ અન્ના દ્રમુક નામની અલગ પાર્ટીની રચના કરી હતી. દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા નેતાઓમાંથી જયલલિતા પણ એક હતા. જયલલિતા આયંગર બ્રાહ્મણ હતા અને માથા પર આયંગર તિલક લગાવતા હતા પરંતુ તેમને પણ અવસાન થયા બાદ દફનવિધિની પ્રક્રિયાથી જ આગળ વધારવાનો નિર્ણય કરાયો હતો. આવી જ રીતે દ્રવિડ આંદોલન સાથે જોડાયેલા તમામ મોટા નેતાઓની દફનવિધિ કરવાની પરંપરા રહી છે. જયલલિતા અને કરૂણાનિધિએ આ પરંપરાને આગળ વધારી છે. તમિળનાડુના નેતાઓને દફનાવવા માટે એક રાજકીય કારણ પણ ગણવામાં આવે છે. દ

# મહાન જરૂર બનજો પણ અહંકારના ભારથી ક્યારેય ચગદાશો નહીં

(ચિરાગ ગોહિલ દ્વારા)



ચેલેન્જર,પાલીતાણા,તા.૮

પ્રભુ મહાવીર આત્માથી અનંત શક્તિને પ્રાપ્ત કરવા માટે જણાવ્યું છે કે, અહંકાર વિગેરેનો ત્યાગ કરવો. આજના પ્રવચનને આગળ વધારતાં ચેન્નઇ ધર્મશાળા પાલિતાણામાં પૂ.આ.દેવ શ્રીમદ્ વિજય રાજયશસૂરીશ્વરજી મહારાજે સમજાવ્યું કે, મહાન બનવાનો ઉદ્દેશ્ય જીવનમાં રાખવો જરૂરી છે. જેઓના મહાન આદર્શ હોય છે તે જ મહાન બની શકે છે. એ વાત નિશ્ચિત છે કે માત્ર આદર્શ કે ઉદ્દેશ્ય રાખવાથી જ મહાન નથી બનાતું. સતત પુરુષાર્થ કરવો જ પડે છે.

નિરંતર લક્ષ્યનું ધ્યાન રાખવું જ પડે છે. બીજા શબ્દમાં કહો તો મહાન બનવાની ઝંખના રાખનાર,આખા વિશ્વને પોતાના ઉદ્દેશ્યની પૂર્તિ માટે કેવી રીતે ઉપયોગમાં આવે. એવી રીતે જ વિચારવા માંડે છે. દરેક સજીવ કે નિર્જીવ વસ્તુ પાસે જાણે તે ચોવીસ કલાક પ્રશ્ન કરતો હોય છે. હુ મારી સિદ્ધિ કેવી રીતે કરૂ. અને જ્યારે અંતરમાં ધૂન જાગે છે. અંતરના ઉંડાણમાંથી પ્રશ્ન પેદા થાય છે. ત્યારે પ્રકૃતિમાંથી જ જવાબ મળતો જ જાય છે.

આમ કોઇ પણ વ્યક્તિ ભવ્ય આદર્શને પસંદ કરી મહાન બની શકે છે. પણ મહાપુરૂષો સમજાવે છે કે મહાન બનવું એ સિદ્ધિ જરૂર છે પણ પૂર્ણતા નથી. મહાન સ્થાન પ્રાપ્ત થયા બાદ ચારેય બાજુથી લોકો માન-સન્માન આપતા જાય છે. કેટલાક ભાવિકો ખૂબ જ અહોભાવમાં આવી જાય છે. પ્રશંસાના ફુલો વરસાવવા માંડે છે. હવે, આ દુનિયામાં તમારા જેવું કોઇ નથી. આ વાત ઘણી વખત મહાન સિદ્ધિ મેળવનારના મગજમાં છવાય જાય છે. હવે તે સામાન્ય માનવીઓને હલકા ગણીને તેમના પ્રત્યે તુચ્છ વર્ણન કરે છે. આવું વર્તન કરવામાં તને આનંદ આવવા માંડે છે. અર્થાત્ પોતે જ અહંકારના ભારથી ચગદાતો રહે છે. પરિણામે હવે તેના મિત્રો બનવા બંધ થઇ જાય છે. હવે, મિત્રો પણ તેના અહંકાર ભર્યા વર્તનથી શત્રુઓ બનતા જાય છે. સામાન્ય માનવો તો એનાથી દૂર ભાગતા જાય છે. પરિણામે મહા મહેનતે મેળવેલી મહાનતા અને સિદ્ધિ નિરર્થક થઇ જાય છે. જો મહાન બનેલી વ્યકિત અહંકાર ન કરે તો સિધ્ધિ સોહામણી બને છે. એક દિવસ તેને આત્માથી પૂર્ણતા તરફ લઇ જાય છે.

# લાંબા સમય બાદ એર ઓડીસાની વિમાની સેવા ફરી શરૂ થઈ

ભાવનગર,તા.૮

ભાવનગરથી અમદાવાદ અને ભાવનગરથી સુરત વિમાની સેવાનો ફરી પ્રારંભ થઇ ગયો છે. સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓએ ઓડીસા વિમાની સેવાના શૈશવભાઈ શાહને મળી આ બાબતે રૂબરૂ રજુઆત કરી હતી તેમજ ભાવનગરના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને ભાવનગર-અમદાવાદ તેમજ ભાવનગર-સુરત સાથે રોજીંદા વ્યાપારી વ્યવહારો હોય આ સેવા થવાથી ભાવનગરને ખુબ સારો લાભ રહેશે તેવી પ્રમુખ સુનિલભાઈ વડોદરીયાએ રજુઆત કરતા શૈશવભાઈ શાહે આજથી ભાવનગર-અમદાવાદ, ભાવનગર-સુરત વિમાની સેવાનો પુનઃ પ્રારંભ કર્યો છે.

અગાઉ ઓછા ટ્રાફીકના કારણે આ સેવા બંધ કરી દેવામાં આવી હતી પરંતુ રજુઆતને લઇ આજે બુધવાથી આ સેવાનો પુનઃ પ્રારંભ થયો છે. ભાવનગર એરપોર્ટ પરથી સવારે ૮-૦૫ કલાકે ભાવનગરથી સુરતનું વિમાન ઉપડશે અને સવારે ૯-૪૫ કલાકે ભાવનગરથી અમદાવાદનું વિમાન ઉપડશે. સુરતથી વિમાન ઉપડશે. આમ, આ સેવાનો આજથી પ્રારંભ થયો છે.

# વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો



ભાવનગર,તા.૮

મુંબઇથી દિવ જતી અતિથી ટ્રાવેલ્સમાં વિદેશી દારૂનો જથ્થો રજી.નં.GJ-36-T 9200 બસની ડીકીમાં કલીનર મહેબુબભાઇ ઇસ્માઇલભાઇ સૈયદ ઉ.વ.૩ર રહે.હાશમી ચોક,સૈયદપીર બાપુની બાજુમાં, ઉના જી.ગીર સોમનાથવાળાએ રાખેલ બ્લેન્ડર્સ પ્રાઇડ સીલેકટ પ્રિમીયમ વ્હીસ્કી ફોર સેલ ઇન દાદરાનગર હવેલી ઓન્લી ૭૫૦ ML લખેલ કંપની સીલપેક કુલ બોટલ નંગ-૬૦ ભરેલ પેટી-૫ મળી આવેલ.જે ઇંગ્લીશ દારૂ બોટલ નંગ-૬૦ની કિ.રૂ.૩૦,૦૦૦/- તથા મોબાઇલ-૧ કિ.રૂ.૫૦૦/-મળી કુલ રૂ.૩૦,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ. તેનાં વિરૂધ્ધ નિલમબાગ પોલીસ સ્ટેશનમાં પ્રોહી. એકટની અલગ-અલગ કલમો હેઠળ ફરીયાદ દાખલ કરાવવામાં આવેલ છે. ઇંગ્લીશ દારૂ સહિત કુલ રૂ.૩૦,૫૦૦/-નો મુદ્દામાલ ઝડપી લેવામાં ભાવનગર,લોકલ ક્રાઇમ બ્રાન્ચ ટીમને સફળતા મળેલ છે.

# ગુજરાત-અમદાવાદમાં હળવા વરસાદી ઝાપટા પડવાની વકી

અમદાવાદ, તા.૮

અમદાવાદ અને રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારો અને દક્ષિણ ગુજરાતમાં હળવા ઝાપટા પડ્યા છે. દક્ષિણ પૂર્વ રાજસ્થાન ઉપર અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે જે આગળ વધી રહી છે. આવી સ્થિતિમાં મધ્યમથી હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. હવામાન વિભાગ તરફથી હળવા વરસાદી ઝાપટા પડવાની આગાહી યથાવત રાખવામાં આવી છે. દક્ષિણ ગુજરાત, દમણ દાદરાનગર હવેલી, સૌરાષ્ટ્રમાં હળવા ઝાપટા પડી શકે છે. બીજી બાજુ અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદી છાંટા પડ્યા હતા. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૧.૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૯ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં પણ હળવા ઝાપટા પડી શકે છે. બીજી બાજુ તંત્ર તરફથી વરસાદને લઇને ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. ગુજરાતમાં હજુ સુધી સૌથી માઠી અસર જે જિલ્લાઓમાં થઇ છે જેમાં કચ્છ અને અમદાવાદનો સમાવેશ થાય છે. રાજ્યમાં ૧૯ ટકા ઓછો વરસાદ હજુ સુધી નોંધાયો છે. ૪૪૧ મીમી વરસાદની સામે ૩૩૬મીમી વરસાદ ગુજરાતમાં પડ્યો છે. હવામાન વિભાગ તરફથી જે આંકડા આપવામાં આવ્યા છે તે મુજબ સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં કચ્છ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, પાટણનો સમાવેશ થાય છે. કચ્છમાં ૭૮ ટકા ઓછો વરસાદ જ્યારે ગાંધીનગરમાં ૭૦ ટકા ઓછો વરસાદ, સુરેન્દ્રનગરમાં ૬૬ ટકા ઓછો વરસાદ અને અમદાવાદમાં ૬૨ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આઈએમડી તરફથી જણાવવામાં આવ્યું છે કે, બંગાળના અખાતમાં ડિપ્રેશનનું પ્રભુત્વ જોવા મળી રહ્યું છે. આવી સ્થિતિ હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. ઓગસ્ટ મહિનામાં સામાન્યરીતે ત્રણ અથવા ચાર સિસ્ટમ વિકસિત થાય છે. કેટલીક સિસ્ટમ વરસાદ ખેંચી લાવે છે અને ફાયદો કરાવે છે. અમદાવાદની વાત કરવામાં આવે તો ૩૬૯મીમીની સામે હજુ સુધી ૧૪૧મીમી વરસાદ થયો છે એટલે કે પાંચ ઇંચથી આસપાસ વરસાદ નોંધાયો છે. ૬૨ ટકા ઓછો વરસાદ થયો છે. સુરેન્દ્રનગર, ગાંધીનગર અને કચ્છમાં આવી જ હાલત બનેલી છે.

## જિલ્લા સંકલન સમિતિની બેઠક તા.૧૮ના રોજ યોજાશે

બોટાદ : બોટાદ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક તા. ૧૮/૮/૨૦૧૮ ને શનિવારના રોજ ૩-૦૦ કલાકે પદાધિકારીઓ સાથે તથા ૩-૩૦ કલાકે અધિકારીઓ સાથે મિટીંગ હોલ, કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, ખસ રોડ, બોટાદ ખાતે યોજાનાર છે. જેની સબંધકર્તાને નોંધ લેવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# કપાસ પાકમાં ગુલાબી ઈયળના નિયંત્રણ માટે જરૂરી પગલા લેવા ખેડુતોને અનુરોધ

બોટાદ,તા.૮

બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવે છે કે, ચાલુ ખરીફ સીઝનમાં કપાસના આગોતરા વાવેતરમાં અમુક જિલ્લામાં ગુલાબી ઇયળનો ઉપદ્રવ જોવા મળેલ છે. જેમાં બીટી બિયારણના પેકેટમાં રાખેલ નોન-બીટી બિયારણને આશ્રય (રેફ્યુજા) પાક તરીકે વાવવું, મોજણી અને નિગાહ માટે હેક્ટરે પાંચની સંખ્યા પ્રમાણે ફેરોમોન ટ્રેપ ગોઠવવા અને ટ્રેપમાં સતત ત્રણ દિવસ સુધી ફેરોમોન ટ્રેપ દીઠ ૮ ફૂદાં પકડાય તો કીટનાશકનો છંટકાવ કરવો, ઉપદ્રવની શરૂઆતથી લઈ કપાસની છેલ્લી વિણી સુધી હેક્ટરે ૪૦ પ્રમાણે ગુલાબી ઈયળની નર ફૂદીને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવા, કપાસનાં પાકમાં ફૂલ-ભમરી, જીંડવાની શરૂઆત થતા અસ્તવ્યસ્ત પધ્ધતિથી ૧૦૦ ફૂલ-ભમરી/ જીંડવા તપાસવા તે પૈકી પાંચમાં ગુલાબી ઈયળની હાજરી જોવા મળે તો કીટનાશક દવાનો છંટકાવ કરવો, દવાઓનો છંટકાવ કરતા પહેલાં કપાસના છોડ ઉપરથી વિકૃત થઇ ગયેલ ફૂલ/ભમરી તોડી લઇ ઇયળ સહિત નાશ કરવો, ક્ષમ્યમાત્રાને અનુસરી ક્વિનાલફોસ ૨૫ ઇસી ૨૦ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી ૨૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૫૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા સાયપરમેથ્રીન ૧૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા સાયપરમેથ્રીન ૨૫ ઇસી ૦૪ મિ.લિ. અથવા આલ્ફાસાયપરમેથ્રીન ૧૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૦૩ મિ.લિ અથવા એમામેકટીન બેનઝોએટ ૫ એસજી ૦૩ ગ્રામ અથવા ડેલ્ટામેથ્રીન ૧% + ટ્રાયઝોફોસ ૩૫% ઇસી ૧૦ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ ૧૬% + આલ્ફાસાયપરમેથ્રીન ૧% ઇસી ૧૦ મિ.લિ. અથવા ફેનપ્રોપેથ્રીન ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ ૫૦% + સાયપરમેથ્રીન ૫ ઇસી ૧૦ મિ.લિ. અથવા થાયોડીકાર્બ ૭૫ ડબલ્યુ.પી. ૧૦ ગ્રામ કીટનાશક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી વારાફરતી છંટકાવ કરવો, ગુલાબી ઇયળના ઉપદ્રવ શરૂ થયેથી બીવેરીયા બાસીયાનો ૨૫ કિલો/હે. પ્રમાણે છંટકાવ કરવો, કપાસના પાકમાં ફુલભમરી તથા જીંડવાની શરૂઆત થયે હેક્ટરે ૧.૫ લાખ ટ્રાયકોગ્રામા ભમરી અઠવાડીયાના ગાળે ૫ વખત અને ડિસેમ્બરના પ્રથમ અને બીજા અઠવાડિયામાં હેક્ટરે ૧૦ હજાર પ્રમાણે લીલી પોપટી(ક્રાયસોપા) ની ઇયળો છોડવાથી જૈવિક નિયંત્રણ કરી શકાય છે, નિયંત્રિત પિયતથી આ જીવાતનો ઉપદ્રવ વધતો અટકાવી શકાય, પાકની ફેરબદલી અપનાવવી. / શક્ય હોય ત્યાં આંતરપાકનું વાવેતર કરવું, શક્ય હોય ત્યાં કપાસનું આખા વિસ્તારમાં એક સમયે વાવેતર કરવા સબંધિત ખેડુતોને અનુરોધ કરવામાં આવે છે.

આ અંગે વધુ માટે જાણકારી માટે ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ કે.વી.કે / તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક (તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિ.), નાયબ ખેતી નિયામક (તાલીમ) અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૧૮૦૧૫૫૧ નોસંપર્ક કરવા વધુમાં જણાવ્યું છે.

## રાજ્ય કક્ષાના મંત્રી જયદ્રથસિંહજીના હસ્તે પાલીતાણા ખાતે ધ્વજવંદન કરાશે



ચેલેન્જર,પાલીતાણા,તા.૮

તા. ૧૫ ઓગષ્ટે સવારે ૯/૦૦ કલાકે પાલીતાણા હાઈસ્કુલ તળેટી રોડ, પાલીતાણા મુકામે જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાનાર છે રાજ્ય કક્ષાનાં કૃષિ, પંચાયત અને પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહજી પરમાર ના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે તો આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ છે તેમ નિવાસી અધિક કલેકટર ભાવનગરે જણાવ્યુ છે.

# બગડ નદી પરના પુલની અવર જવર બંધ

ભાવનગર : પંચાયત માર્ગ અને મકાન વિભાગ, મોતીબાગ પાસે, ભાવનગર ના તાબા હેઠળનાં મહુવા તાલુકાનાં ગુંદરણા-ધરાઈ-બગદાણા રસ્તામાં ધરાઈ ગામનાં પાદરમાં આવેલ બગડ નદી ઉપરના પુલને ચાલુ વર્ષના ચોમાસામાં ભારે નુકશાન થતાં આ પુલ અવર જવર દરમ્યાન જાન-માલ માટે ભયજનક હોવાથી આ પુલ ના સ્થાને બીજો નવો પુલ ન બને ત્યાં સુધી જાહેર જનતા ની સલામતી તથા હિત ને ધ્યાને લઈ આ પુલ ની અવર જવર સદંતર બંધ કરવામાં આવે છે તથા રસ્તાના વિકલ્પે ગુંદરણા ગામ થી બગદાણા જવા માટે ગુંદરણા થી નાના મોટા માલપરા-સાલોલી-જાંબુડા (ડામર રસ્તો) થઈને જ્યારે ધરાઈ થી બગદાણા જવા માટે ધરાઈથી ટીટોડીયા (કાચો રસ્તો) થઈ ને જઈ- આવી શકાશે જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી તેમજ સરકારી કામમાં સહકાર આપવા કાર્યપાલક ઈજનેર, પંચાયત, માર્ગ અને મકાન, ભાવનગરે જણાવ્યુ છે.

## જિલ્લા ઉધોગ કેન્દ્ર ભાવનગર કચેરીનાં માટે

# ૧૨ કોમ્પ્યુટર અને ૦૩ પ્રિન્ટરનો વાર્ષિક જાળવણી માટેનો કરાર આપવામા આવશે

ભાવનગર : આથી જિલ્લા ઉધોગ કેન્દ્ર, ભાવનગર કચેરીનાં માટે ૧૨ કોમ્પ્યુટર અને ૦૩ પ્રિન્ટરનો વાર્ષિક જાળવણી માટેનો કરાર આપવાનો થતો હોય વિવિધ એજન્સીઓ પાસે ભાવપત્રકો મંગાવવા કચેરીનાં નીચે મુજબના સરનામા ઉપર મોકલવા આથી જણાવવામાં આવે છે તેમ જિલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજરે જણાવ્યુ છે.

# વરસાદી અછત વચ્ચે સરકાર પશુઓ માટે ઘાસચારો આપશે

અમદાવાદ, તા.૮

રાજ્યમાં ઓછાં વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈને ખેડૂતોને ભારે હાલાંકીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે. જેથી ઓછા વરસાદને લઈને હવે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. વરસાદની અછત અને પાક નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે આજે રાજય સરકારે ખેડૂતોને ઘાસચારો પૂરો પાડવાની મહત્વની જાહેરાત કરી હતી. જેને લઇ વરસાદી અછત અને દુકાળના એંધાણ જેવી પરિસ્થિતિમાં પશુઓ માટેનો ઘાસચારો ખેડૂતોને ઘણા ટેકારૂપ બની રહેશે. સરકારના આ નિર્ણયને લઇ ખેડૂતોમાં કંઇક અંશે રાહત બંધાઇ છે. રાજ્ય સરકારનાં આ નિર્ણય બાદ રાજયના ૪૪થી વધુ તાલુકાઓમાં સરકાર દ્વારા હવે ઘાસ આપવામાં આવશે. પશુ ઘાસચારા માટે ખેડૂતોને કાર્ડ પણ આપવામાં આવશે. જેના આધારે પશુ દીઠ ખેડૂતોને દૈનિક ૪ કિલો જેટલું ઘાસ આપવામાં આવશે. ઘાસનો આ ખર્ચ રાજયનાં બજેટમાંથી જ કરવામાં આવશે. ખેડૂતોને તેમના પશુધન માટે ઘાસચારો આપવાનો મોટાભાગનો ખર્ચો સરકાર ભોગવશે અને ખેડૂતોને રાહત આપશે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચોમાસુ શરૂ થયા બાદ અત્યાર સુધીમાં ૨૧૫ તાલુકામાંથી ૪૪ તાલુકામાં ૧૨૫ મિ.મીથી પણ ઓછો વરસાદ નોંધાયો છે. સિઝનમાં અત્યાર સુધીમાં ૫૪ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. જે કારણોસર ઓછાં વરસાદને લઇને રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે કે જેમાં રાજયના ૪૪થી વધુ તાલુકાઓમાં ગુજરાત સરકાર દ્વારા પશુ દીઠ ખેડૂતોને દૈનિક ૪ કિલો ઘાસ આપવામાં આવશે. જ્યારે ઘાસ ૨ રૂપિયે ૧ કિલો આપવામાં આવશે. નોંધનીય છે કે, આજે રાજયના ઘણા ખરાં વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો. મેઘરાજાએ શરૂઆતમાં તો દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રનાં અનેક જિલ્લાઓમાં ધમાકેદાર બેટિંગ કરી હતી. પરંતુ હવે આ વખતે ગુજરાતમાં વરસાદને લઇ સંકટ ઉભું થાય તેવા એંધાણ દેખાઇ રહ્યાં છે.જેથી ગુજરાત સરકાર દ્વારા ઘાસ આપવાનો નિર્ણય લેવામાં આવતા ખેડૂતોમાં કંઇક રાહતની લાગણી જન્મી છે. હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ, જગતનો તાત રાજયમાં સારા વરસાદની રાહ જોઇને બેઠો છે.

# ત્રિરંગા યાત્રા અને યાદ કરો કુરબાની કાર્યક્રમ યોજાશે

બોટાદ,તા.૮

બોટાદ જિલ્લા કલેક્ટરની એક અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના પેદા થાય તેમજ દેશ પ્રત્યે સમર્પણની ભાવના પેદા થાય તે માટે બોટાદ ખાતે આગામી તારીખ ૧૪મી ઓગસ્ટના રોજ ત્રિરંગા યાત્રા તથા યાદ કરો કુરબાની કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ત્રિરંગા યાત્રાનો આરંભ બોટાદ શહેરમાં તારીખ ૧૪મી ઓગસ્ટના રોજ સાંજે ૫.૩૦ કલાકે પોલીસ એસ્કોર્ટીંગ સાથે શરૂ થશે અને સાંજે ૬.૩૦ કલાક સુધીમાં પૂર્ણ થશે. જે બોટાદ શહેરના કૃષ્ણસાગર તળાવથી શરૂ થઈ સરકારી હાઈસ્કૂલ ના મેદાનમાં પૂર્ણ થશે.

આ ત્રિરંગા યાત્રામાં સૌથી આગળ પોલીસની જીપ રહેશે જેમાં રાષ્ટ્રધ્વજ ને રાખવામાં આવશે આ જીપની પાછળ પોલીસ બેન્ડ અને તેની પાછળ બાઈક ઉપર યુવાનો જોડાશે આ યાત્રામાં બાઈક સવાર યુવાનો પાછળ બોટાદ શહેરના નાગરિકોને હેલ્મેટ ફરજીયાત પહેરીને બાઈક સવારીથી જોડાવા અપીલ કરવામાં આવી છે.

આ ત્રિરંગા યાત્રાના સમાપનના સ્થળે સરકારી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે યાદ કરો કુરબાની કાર્યક્રમ યોજાશે જેમાં દેશભક્તિનાં ગીતો સ્થાનિક કલાકારો દ્વારા રજૂ કરાશે.

બોટાદ ખાતે ૭૨ માં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ યોજાનાર આ તિરંગા યાત્રા અને જરા યાદ કરો કુરબાની કાર્યક્રમમાં જિલ્લાવાસીઓને ઉપસ્થિત રહેવા જિલ્લા કલેક્ટરે વધુમાં અનુરોધ કર્યો છે.

# પલટનની રિલીઝ તારીખનું મહત્વ!




ચેલેન્જર,મુંબઈ "પલટન " ની રિલીઝ ની તારીખ મહત્વપૂર્ણ છે કારણ કે આ યુદ્ધના નાટકને એજ અઠવાડિયામાં રિલીઝ કરવામાં આવે છે જ્યારે ૫૦ વર્ષ પહેલાં ૧૧ સપ્ટેમ્બરના રોજ, ભારતીય ચીન નું યુદ્ધ સિક્કિમ સરહદ પર શરૂ થયું હતું. ડિરેક્ટર જેપી દત્તા તેની આગામી ફિલ્મ પલટન દ્વારા, એ શહીદો ને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે જેને ૧૯૬૭ ના ભારતીય ચીન યુદ્ધ દરમિયાન તેમના જીવન ગુમાવ્યા હતા . આ શ્રદ્ધાંજલિને વધુ વિશિષ્ટ બનાવવા માટે, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ નિર્માતાએ ખ્યાલ રાખે છે ઝી સ્ટુડિયો સાથે બનેલી આ ફિલ્મ ને વાસ્તવિક ઘટનાની તારીખની નજીક રજૂ કરે, જેનાથી ફિલ્મ ની કહની પ્રેરિત છે. અર્જુન રામપાલ, સોનૂ સૂદ, હર્ષ રાણે અને ગુરમીત ચૌધરી અભિનીત ફિલ્મ "પલટન ' થિયેટરોમાં આ સપ્ટેમ્બર ૭ રિલીઝ કરવામાં આવશે. આ સંઘર્ષની શરૂઆત થઈ, જ્યારે અમારી ટુકડીઓએ નાથુ લાથી સિબુ લા પર વાડ ફેલાવવાની માંગ સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો, જે ચીનની સમકક્ષોની માંગ અનુસાર સરહદ ગણાય છે. ૧૯૬૨ ની ચાઇના-ભારતીય યુદ્ધની જીતમાંથી ઉત્સાહી, ચિની લોકોએ આપણા સૈનિકો પર ગોળીબાર શરૂ કર્યો. જ્યારે અમારા સૈનિકોએ શરૂઆતમાં જાનહાનિનો સામનો કર્યો હતો, ત્યારે તેઓ માત્ર મશીન ગન, આર્ટિલરી અને મોર્ટાર સાથે ચિની લશ્કરોને જ નહીં, પરંતુ દુશ્મન "બ્લડી નોઝ" પણ આપ્યો, જે આખરે ૧૫ સપ્ટેમ્બરે યુદ્ધવિરામનું નેતૃત્વ કરે છે.ફિલ્મના પોસ્ટર લોન્ચ પર ભારતની જીત વિશે વાત કરતી વખતે, જેપીએ કહ્યું હતું કે, "વર્ષ ૧૯૬૨ માં, ચીન યુદ્ધ શરૂ કર્યું હતું અને ૧૯૬૭ માં અમે તેનો અંત કર્યો હતો, આ અમારા ઇતિહાસનો અગત્યનો ભાગ છે."

# યો યો હની સિંહના નવા ગીતમાં નઝર આવશે શાહિદ કપૂર અને કિયારા આડવાણી!

ચેલેન્જર,મુંબઈ : યો યો હની સિંહ એ બે સુપર હિટ ગીત સાથે ૨૦૧૮ માં મજબૂત શરૂઆત કરી હતી, અને સંગીતકાર ફરી એકવાર તેના સિંગલ સાથે પાર્ટીને રોક માટે તૈયાર છે જેમા કિયારા આડવાણી અને શાહિદ કપૂર ડાન્સ કરતા જોવા મળશે. આ ૧૯૯૪ માં પ્રભુદેવ અભિનિત 'ઉર્વશી' નું રિક્રિએટએડ વર્ઝન છે. યો યો હની સિંહે ટી-સિરીઝ બેનર હેઠળ ગીત ગાયું છે અને લખ્યું છે.યો યો હની સિંહ નું છેલ્લુ ગીત ચાર્ટબસ્ટર હિટ સાબિત થયુ હતું અને તેની રજૂઆતથી દર્શકો વચ્ચે ધૂમ મચાવી રહ્યું છે.ટૂંકા વિરામ બાદ, યો યો હની સિંહ ગીત તેમની ચાહકો નવું ગીત લઈને આવે છે. આ ગીત સાથે યો યો હની સિંહ અને ટી-સિરીઝ



પહેલાથી જ તેમના જાદુ ફરી જીવંત કરવા તૈયાર છે. હની સિંહ અને ટી-સીરીઝ અગાઉ, બ્લોકબસ્ટર હિટ ગીત "ધીરે ધીરે" સાથે દેશના લોકોના હૃદય જીતી લીધાં છે, એટલું જ નહીં, યુટ્યુબ પર ૨૦૦ મિલિયન કરતા પણ વધુ વખત જોવાયેલું આ બૉલીવુડનું પ્રથમ ગીત હતું તેમજ "સોનુ કે ટીટુ કી સ્વીટી" ના બે ગીતો ને પણ પ્રેક્ષકોના અનકૉન્ટેડ પ્રેમ મળ્યો છે.

# લોકાયુકતની સાઈટ ગુજરાતી ભાષામાં બનાવવા અરજી થઈ

## ગુજરાત સરકારને વારંવાર રજૂઆત કરવા છતાંય કોઈ નિર્ણય ન લેવાતાં આખરે જાહેરહિતની રિટ અરજી કરાઈ

અમદાવાદ, તા.૮

ગુજરાત લોકાયુકતની ઓફિશીયલ વેબસાઈટ ગુજરાતી ભાષામાં બનાવવા અને માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત આ કચેરીની તમામ માહિતી જાહેરહિતમાં પ્રસિધ્ધ કરાવવા દાદ માંગતી એક મહત્વની જાહેરહિતની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થઈ છે. સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવ દ્વારા કરાયેલી પીઆઈએલમાં હાઈકોર્ટે રાજય સરકાર, લોકાયુકતના રજિસ્ટ્રાર અને માહિતી આયોગના સેક્રેટરી વિરૂધ્ધ કારણદર્શક નોટિસ જાર કરી છે અને કેસની વધુ સુનાવણી તા.૨૬મી સપ્ટેમ્બર પર મુકરર કરી છે. અરજદાર ચંદ્રવદન ધ્રુવ દ્વારા પાર્ટી ઈન પર્સનની રૂએ હાઈકોર્ટમાં કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરાઈ હતી કે, ગુજરાત રાજયમાં ગુજરાત લોકાયુકત એક્ટ ૧૯૮૬ની જોગવાઈ મુજબ રાજયમાં ગુજરાત લોકાયુકતની રચના કરવામાં આવી છે. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૨(એચ) હેઠળ આ કચેરી પલ્લીક ઓથોરીટી છે. અધિનિયમની કલમ-(૪)(૧)(ખ)માં થયેલ જોગવાઈ મુજબ ૧૨૦ દિવસની અંદર પ્રો-એકટીવ ડિક્લોઝર તથા અન્ય જરૂરી માહિતી તૈયાર કરવી અને વેબસાઈટના માધ્યમથી ડિઝીટલ ફોર્મેટમાં મુકી તેની બહોળો પ્રચાર અને પ્રસાર કરવાની જવાબદારી દરેક જાહેર સત્તા મંડળની રહેલી છે. માહિતી અધિકારના કાયદાને ૧૨ વર્ષ કરતા વધુ સમય થઈ ગયો છે તેમ છતાં ગુજરાત લોકાયુક્તની ઓફિશીયલી વેબસાઈટ બનાવવામાં આવેલ નથી જે ખૂબજ ગંભીર બાબત અને માહિતી અધિકાર અધિનિયમના ભંગ સમાન ગણાય. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકાયુક્ત એકટમાં થયેલ જોગવાઈ મુજબ સરકારમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા મુખ્યમંત્રી, મંત્રીઓ તથા રાજયમાં ઉચ્ચ હોદ્દા પર બેઠેલા તમામ અધિકારીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર કે કાયદાના ઉલ્લંઘન બદલ યોગ્ય કાર્યવાહીની કામગીરી રાજયના લોકાયુકત કરી શકે છે. આવી ખૂબજ મહત્વની કચેરીમાં જ માહિતી અધિકારના કાયદાનું ઉલ્લંઘન થતુ હોય તો તે ખૂબજ શરમજનક અને તપાસ યોગ્ય બાબત ગણાય. આ સમગ્ર મામલે અરજદારે તા. ૨૬-૦૨-૨૦૧૮ થી ગુજરાત લોકાયુકતને, પ્રીન્સીપાલ સેક્રેટરી, સામાન્ય વહીવટ વિભાગ, રાજયપાલના અગ્ર સચિવ, મુખ્યમંત્રીના અગ્ર સચિવ, વિરોધપક્ષના નેતા તથા મુખ્ય માહિતી કમિશ્નરને લેખિત રજૂઆત કરાઈ હતી પરંતુ તેમછતાં આ અંગે કોઈ પગલાં લેવાયા નથી. હતી. ગુજરાત માહિતી આયોગ ક્ચેરી દ્વારા પ્રો-એકટીવ ડિસ્કલોઝર તૈયાર નહી કરવા બાબતે અરજદારે કરેલી ફરિયાદ સંદર્ભે મુખ્ય માહિતી કમિશ્નર, ગુજરાત માહિતી આયોગ દ્વારા તા.૨૧-૦૫-૨૦૧૮ થી ગુજરાત લોકાયુકત કચેરી વિરુદ્ધ હુકમ કર્યો છે. આ તમામ બાબતોને ગંભીરતાથી ધ્યાને નહી લેવામાં આવતા આ પિટિશન દાખલ કરવાની ફરજ પડી છે. ગુજરાત સરકારના કાયદા વિભાગ દ્વારા તા. ૧૫-૦૨-૧૯૬૧ થી ધી ગુજરાત ઓફિશીયલ લેન્ગવેજ એકટ-૧૯૬૦ ઘડવામાં આવી છે. આમ ગુજરાત રાજયની પ્રાદેશિક ભાષા ગુજરાતી હોઈ ગુજરાત લોકાયુકતની વેબસાઈટ ગુજરાતી ભાષામાં બનાવવામાં આવે તેવી પીઆઈએલમાં દાદ માંગવામાં આવી હતી.



એએમસી દ્વારા લો ગાર્ડન પાસે વીમાર્ટ મોલમાં મંગળવારના દિવસે આગ લાગ્યા બાદ સિલિંગની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

# હાર્દિકને બે વર્ષ સજાના હુકમ સામે હાઈકોર્ટે સ્ટે જારી કર્યો

અમદાવાદ, તા.૮

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન વિસનગરમાં તોડફોડ અને હિંસાના ચકચારભર્યા કેસમાં પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને વિસનગર સેશન્સ કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી બે વર્ષની સજાના હુકમ સામે ગુજરાત હાઈકોર્ટે સ્ટે જારી કર્યો છે. વિસનગર સેશન્સ કોર્ટના સજાના હુકમ સામે હાર્દિક પટેલ દ્વારા કરાયેલી અપીલ હાઈકોર્ટે આજે દાખલ કરી હતી અને તેના જામીન મંજૂર રાખ્યા હતા. સાથે સાથે હાઈકોર્ટે બે વર્ષની સજા પણ સ્થગિત કરી હતી. જો હાઈકોર્ટનો આ સ્ટે લોકસભાની ચૂંટણી યથાવત્ રહેશે તો, હાર્દિક પટેલની લોકસભાની ચૂંટણી લડવાનો માર્ગ મોકળો બની શકશે. ગુજરાત હાઈકોર્ટમાંથી મળેલી રાહત અંગે હાર્દિક પટેલે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, અમે નીચલી કોર્ટના હુકમને પણ માથે ચડાવ્યો હતો અને એ જ રીતે હાઈકોર્ટના હુકમનો પણ આદર કરીએ છીએ અને તેને માથે ચડાવીએ છીએ. ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલનના પ્રારંભમાં વિસનગરમાં ધારાસભ્ય ઋષિકેશ પટેલની ઓફિસમાં તોડફોડ સહિતના કેસમાં વિસનગર કોર્ટે હાર્દિક પટેલ, લાલજી પટેલ અને એ.કે પટેલને રાયોટિંગ કેસમાં દોષિત જાહેર કરી ૨-૨ વર્ષની સજા ફટકારી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓના શરતી જામીન મંજૂર કર્યા હતા. આ હુકમ સામે હાર્દિક પટેલ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી હતી, જેમાં આ રાહત મળી હતી. ચકચારભર્યા આ કેસની વિગતો એવી છે કે, પાટીદાર અનામત આંદોલન દરમ્યાન વિસનગરમાં તા.૨૩ જુલાઇ, ૨૦૧૫ના રોજ પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા રેલી કાઢવામાં આવી હતી. જે રેલી મામલતદારને આવેદનપત્ર આપ્યા બાદ ધારાસભ્ય ઋષિકેશ પટેલના કાર્યાલયે આવેદનપત્ર આપવા પહોંચી હતી. આ સમયે ટોળાએ કાર્યાલયમાં તોડફોડ કરી હતી. જે બનાવ અંગે પાસ કન્વીનર હાર્દિક પટેલ અને એસપીજી અધ્યક્ષ લાલજી પટેલ સહિત રેલીના આયોજકો મળી ૧૭ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ધારાસભ્યની ઓફિસમાં તોડફોડ કરવાના ગુનામાં વિસનગર કોર્ટે ગયા મહિને તા.૨૫ જુલાઈએ હાર્દિક પટેલ સહિત ત્રણેય આરોપીઓને ૨-૨ વર્ષની કેદની સજા ફટાકારી હતી. આ સજાના વિરૂધ્ધમાં હાર્દિક હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેની અરજીને ગ્રાહ્ય રાખીને વિસનગર કોર્ટે ફટકારેલી બે વર્ષની જેલની સજા પર સ્ટે આપ્યો હતો.



એએમસી દ્વારા સરખેજ હાઈવે ઉપર ગેરકાયદે નિર્માણને તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

# અમદાવાદમાં અતિક્રમણ હટાવો અભિયાન યથાવરીતે જારી જ રહ્યું

અમદાવાદ, તા.૮

ગેરકાયદે દબાણો અને આડેધડ પાર્કિંગની સમસ્યા દુર કરવા માટે શહેરમાં એક પછી એક અનેક વિસ્તારોમાં પોલીસ અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટા પાયે ડિમોલિશન ડ્રાઇવ શરૂ કરાઇ છે, ત્યારે આજે શહેરના કોટ વિસ્તારમાં ભદ્ર, ભઠિયારગલી, ત્રણ દરવાજા, પાનકોરનાકા વિસ્તારમાં અત્યાર સુધીની સૌથી મોટી ડિમોલિશન ડ્રાઇવ હાથ ધરવામાં આવી હતી. જયાં ૫૦૦થી વધુ પોલીસના કાફલા સાથે આ વિસ્તારોમાં ગેરકાયદે દબાણો, બાંધકામ, પાર્કિંગ, ઓટલા વગેરે દૂર કરવાનું આજે બહુ મહત્વનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. લાલ દરવાજા- જિલ્લા પંચાયત બિલ્ડીંગ વિસ્તારમાં પણ ડિમોલિશન ડ્રાઇવ ચલાવી મોતી બેકરી, સાબર હોટલ, વનરાજ



હોટલ સહિતના એકમોના ગેરકાયદે દબાણો અને બાંધકામ તોડી પડાયા હતા. સમગ્ર દિવસ દરમ્યાન આજે વહેલી સવારથી લાલદરવાજા, ભઠીયાર ગલી, પાનકોરનાકા, ભદ્ર વિસ્તારોમાં ગેરકાયદે દબાણ હટાવવા તેમજ ગેરકાયદે પાર્ક કરેલા વાહનો ડીટેઇન કરવાની ઝુંબેશ હાથ ધરાઇ હતી. આ સિવાય શહેરના અન્ય વિસ્તારો સરખેજ, દાણીલીમડા, મેઘાણીનગર, કુબેરનગર સહિતના વિસ્તારોમાં પણ મોટાપાયે ડિમોલિશન ડ્રાઈવને અંજામ અપાયો હતો. સમગ્ર ડિમોલિશનના ઓપરેશન દરમ્યાન ૬ ડીસીપી, ૮ એસીપી, ૨૦ કરતા વધુ પીઆઇ અને ૫૦૦ કરતા વધુ પોલીસ કર્મચારીઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ જોડાયા હતા. સંવેદનશીલ ગણાતા એવા ભદ્ર, ત્રણ દરવાજા, ભઠીયાર ગલી અને લાલદરવાજામાં ડિમોલિશન અને ટ્રાફિક ઝુંબેશ દરમ્યાન કોઇ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે પોલીસ દ્વારા લોખંડી જાપ્તો ખડકી દેવાયો હતો. પોલીસ અને કોર્પોરેશનની ટીમે લાલદરવાજા, ભઠીયારગલી, પાનકોરનાકા, ભદ્ર સહિતના વિસ્તારોમાં સૌપ્રથમવાર આ બહુ મોટુ મેગા ઓપરેશન હાથ ધરાયુ હતું. લઘુમતી વિસ્તારના લોકો ડિમોલિશન ડ્રાઇવ દરમ્યાન ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. જો કે, અમ્યુકો અધિકારીઓ અને ટીમના માણસોએ ભારે બહાદુરીપૂર્વક ગેરકાયદે દબાણો, બાંધકામો, ઓટલા અને પાર્કિંગના અવરોધો દૂર કર્યા હતા. તો બીજી તરફ મેઘાણીનગર, દાણીલીમડા, સરખેજ, કુબેરનગર અને ચાંદલોડીયા સહિતના વિસ્તારોમાં પણ પોલીસ અને કોર્પોરેશનની ટીમનું ઓપરેશન ડીમોલેશન હાથ ધરાયું હતું. સવારે અસારવાના ચમનપુરા ખાતે નવી બનાવેલી દેરી હટાવવાની કામગીરી દરમિયાન અજાણ્યા લોકોએ પોલીસ અને એએમસીની ટીમ પર પથ્થરમારો કર્યો હતો. ત્રણ ડીસીપી, સાત એસીપી, ૨૦ પીઆઇ અને ૫૦૦ કરતા વધુ પોલીસ કર્મચારીઓએ ૨૦૦ કરતા વધુ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે મળીને અલગ અલગ વિસ્તારોમાં ડ્રાઇવ કરી હતી. જેમાં સંખ્યાબંધ વાહનો ડીટેઇન કર્યા હતા જયારે ગેરકાયદે દબાણ દુર કર્યા હતા જયારે કેટલાક લોકોને નોટીસ આપી હતી અને ૨૪ કલાકમાં દબાણ હટાવવા માટેનું અલ્ટિમેટમ પણ અપાયું હતું. અમ્યુકો અને પોલીસની આજની ડિમોલિશન ડ્રાઇવને પગલે સમગ્ર કોટ વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી. ખાસ કરીને ભદ્ર, લાલદરવાજા, ત્રણ દરવાજા, પાનકોરનાકા, ભઠિયાર ગલી સહિતના માર્ગો પર સ્થાનિક વેપારીઓ અને દુકાનદારોમાં જબરદસ્ત ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. જો કે, તંત્ર દ્વારા હાઇકોર્ટના નિર્દેશાનુસાર ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરાઇ હોઇ સ્થાનિકો તંત્રની કામગીરી જોવા સિવાય બીજું કંઇ કરી શકવા મજબૂર હતા.




ઉત્તરપ્રદેશ અને બિહારમાં શેલ્ટર હોમમાં બાળકીઓ ઉપર અત્યાચારના મામલામાં એસયુસીઆઈ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા.

### કસ્ટમ વિભાગને બાતમીના આધારે સફળતા મળી

# એરપોર્ટ દોઢ કિલો સોના સાથે એકની ધરપકડ કરાતા ચકચાર

## એરપોર્ટ પર કામ કરતા ખાનગી એવીએશન સર્વિસના બે યુવકોની સંડોવણી હોવાની વિગત ખુલતા ખળભળાટ

અમદાવાદ, તા.૭

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આજે સવારે કસ્ટમ વિભાગ દ્વારા હાથ ધરાયેલી ચકાસણી કાર્યવાહી દરમ્યાન દોઢ કિલો સોનાના જથ્થા સાથે એક યુવક ઝડપાઇ જતાં એરપોર્ટ પર ભારે ચકચાર મચી ગઇ હતી. એટલું જ નહી, યુવકની પૂછપરછ અને આ મામલાની પ્રાથમિક તપાસમાં એરપોર્ટ પર કામ કરતી ખાનગી એવિયેશન સર્વિસના બે યુવાનોની પણ સંડોવણી બહાર આવતાં ભારે ખળભળાટ મચી ગયો હતો. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આજે ફરી એકવાર સોનાની દાણચોરીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતાં કસ્ટમ વિભાગ સહિતની સુરક્ષા એજન્સીઓ સતર્ક થઇ ગઇ હતી અને એરપોર્ટ પર ચેકીંગ વધુ અસરકારક અને તેજ બનાવી દેવાયું હતું. અમદાવાદ એરપોર્ટ પર આજે સવારે કસ્ટમ વિભાગે કરેલી ચકાસણીની કાર્યવાહી દરમિયાન અરુણ એવિયેશન સર્વિસના વૃષભ નામના યુવાનની સંડોવણી સામે આવી હતી. તેની પૂછપરછમાં જેટ સ્કાય નામના એક અન્ય યુવાનની પણ સંડોવણી હોવાનો ખુલાસો થતાં તંત્ર ચોંકી ઉઠયુ હતું. સોનાની દાણચોરીની હેરાફેરીમાં અન્ય વ્યકિતઓની સંડોવણી હોવા અંગે પણ કસ્ટમ વિભાગ, એરપોર્ટ ઓથોરીટી અને સરદારનગર પોલીસે તપાસ આરંભી છે. આ સમગ્ર કૌભાંડમાં એકાદ-બે આરોપીઓ હજુ ફરાર હોવાનું પણ નાઇ રહ્યું છે. પેસેન્જરોના સોનાને ગ્રીન ચેનલમાંથી બચાવીને બહાર લઇ જતી વખતે એરપોર્ટની બહાર જ કસ્ટમ વિભાગે તેમને મળેલી બાતમીના આધારે સપાટો બોલાવ્યો હતો. એરપોર્ટ કામ કરતી ખાનગી એવિએશન સર્વિસના આ શખ્સો પેસેન્જરો સાથે મળીને સોનાની હેરાફેરી કરતા હોવાના કૌભાંડનો ચોંકાવનારો પર્દાફાશ થયો હતો. સુરક્ષા એજન્સીઓએ આ કૌભાંડમાં અત્યાર સુધી કેટલા સોનાની હેરાફેરી તેઓએ કરી છે તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરાયા છે.

કસ્મટ વિભાગને આ સમગ્ર કૌભાંડમાં કોઇ મોટાં માથાંની સંડોવણી હોવાની પણ આશંકા હોઇ તપાસ તેજ બનાવાઇ છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ એરપોર્ટ પરથી અવારનવાર સોનું પકડાવાની ઘટના બનતી હોય છે પરંતુ આજના બનાવમાં ખુદ એરપોર્ટ કામ કરતી ખાનગી એવિએશન સર્વિસના કર્મચારીઓની જ સંડોવણી ખુલતાં ખળભળાટ મચી ગયો હતો.

### આમ્રપાલીના ગ્રુપને સુપ્રીમની ફટકાર

નવીદિલ્હી,તા. ૮

સુપ્રીમ કોર્ટે આજે ફરી એકવાર આમ્રપાલી ગ્રુપને ફટકાર લગાવી હતી. ફ્લેટ ખરીદદારો અને આમ્રપાલી ગ્રુપ વચ્ચે ચાલી રહેલા મામલામાં સુપ્રીમ કોર્ટે આમ્રપાલીમાંથી કરોડો રૂપિયા ખોટીરીતે બીજાના ખાતામાં ટ્રાન્સફર કરવાના મામલામાં પ્રશ્નો કર્યા તા. સુપ્રીમ કોર્ટે આમ્રપાલી ગ્રુપને પ્રશ્ન કર્યો છે કે, તેમની પાસે આટલા પૈસા ક્યાંથી આવ્યા છે અને કયા નિયમ હેઠળ કરવામાં આવેલા કામ માટે આ પૈસા કઈ કંપનીઓને ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા.

# તલવાલકર્સે વાર્ષિક ફિટનેસ ફેસ્ટિવલ લોન્ચ કરી દીધો છે

અમદાવાદ, તા.૮

ભારતની સૌથી મોટી ફિટનેસ ચેઈન તલવાલકર્સ લાઈફસ્ટાઈલ્સ લિમિટેડ દ્વારા તા.૨૦મી જુલાઈથી શરૂ થયેલા તેના લોકપ્રિય 'વાર્ષિક ફિટનેસ ફેસ્ટિવલ'ની જાહેરાત કરી છે, જેમાં તેની વાર્ષિક મેમ્બરશિપ ફીમાં ૪૫ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવ્યું છે. આ સાથે જ હેલ્થ કોન્સીયસ લોકો અને જીમના રસિયાઓ માટે ભારતની સૌથી મોટી ફિટનેસ ચેઈન તલવાલકર્સ લાઈફસ્ટાઈલ્સ લિ.દ્વારા તા.૨૦મી જુલાઈથી તા.૧૧મી સપ્ટેમ્બર સુધી આકર્ષક ઓફર રજૂ કરવામાં આવી છે એમ તલવાલકર્સના એમડી પ્રશાંત તલવાલકરે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશના ૮૫ શહેરોમાં ૨૫૧ જીમ સાથે આ જીમ ચેઈનનો આશય બે વર્ષ માટે ૧૦ ટકા સુધી અને ૩ વર્ષની મેમ્બરશિપ માટે ૧૫ ટકા સુધીની ઓફર દ્વારા સભ્યોની સંખ્યા વધારવાનો પણ છે. બધા જ વર્તમાન અને નવા સભ્યો આ ઓફરનો લાભ મેળવી શકશે. તલવાલકર્સ અત્યાધુનિક સુવિધાઓ, અજોડ અને નવીન વર્કઆઉટ્સ અને નિષ્ણાતો પાસેથી યોગ્ય માર્ગદર્શન અને એક ફિટનેસ સેન્ટરમાં એક માહિતગાર ગ્રાહક શોધતો હોય તે બધી જ સુવિધાઓ ઓફર કરે છે. તલવાલકર્સ લાઈફસ્ટાઈલ લિમિટેડના એમડી પ્રશાંત તલવાલકરે ઉમેર્યું હતું કે, આ વાર્ષિક ઓફરની અમારી ૪૭ વર્ષની પરંપરા ભારતમાં ૯૦ ટકાથી વધુ જીમ ચેઈન કરતાં જૂની છે. તે માત્ર અમારા વારસાની ઊજવણી નથી, પરંતુ કાર્યકારી શ્રેષ્ઠતા પણ છે. અમે અમારા ગ્રાહકોને સૌથી શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવા અને સ્વસ્થ જીવન પદ્ધતિ માટે પ્રોત્સાહિત કરવા કટીબદ્ધ છીએ. અમારી 'વાર્ષિક ફિટનેસ ફેસ્ટિવલ' ઓફર મારફત અમારો આશય ઘણી નીચી કિંમતે આકર્ષક પેકેજ ઓફર કરવાનો, પ્રત્યેક વ્યક્તિના દૈનિક જીવનમાં ફિટનેસને મહત્વપૂર્ણ બનાવવાનો છે. એ નોંધવામાં આવ્યું છે કે અનેક લોકો જીમની જંગી ફીના કારણે તેમાં જોડાતા નથી. તેથી, અમે અમારી વાર્ષિક ડિસ્કાઉન્ટ ઓફર મારફત અમારા ગ્રાહકોનો બોજ હળવો કરવાનો સતત પ્રયત્ન કરીએ છીએ. અમારી મુખ્ય અગ્રતા હંમેશા અમારા ગ્રાહકોને પ્રીમિયમ અનુભવ અને સુસંગત સેવાઓ પુરી પાડવાની હોય છે. વિવિધ ફિટનેસ વિકલ્પો સાથે વ્યક્તિગત માર્ગદર્શનની અમારી સુવિધા અમારા સભ્યો માટે સમૃદ્ધ અનુભવ સમાન બની રહે છે. અમે અમારા ગ્રાહકો માટે સર્વશ્રેષ્ઠ વેલ્યૂ જાળવી રાખવા અમારા ટ્રેઈનિંગ ઈન્સ્ટ્રક્ટર્સ અને અમારા સાધનોમાં ખૂબ જ સારું રોકાણ કરીએ છીએ. અમારું માનવું છે કે તલવાલકર્સ સ્વસ્થ જીવનપદ્ધતિ શરૂ કરવા માટે અમારા ગ્રાહકોને મદદરૂપ થવા માટે વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જે આગામી દિવસોમાં ફિટનેસ પ્રેમીઓમાં લોકપ્રિય બની રહેશે.

Printer, Publisher, Editor & Owner by **GOHIL PRATAPBHAI KESHUBHAI** Printed at **AMBICA OFFSET, PLOT NO.25, GROUND FLOOR, NR.SAIBABA FLATS, BUNGLOW AREA, KUBERNAGAR, AHMEDABAD**
Published at **115, ROYAL COMPLEX HAJUR PAYAGA ROAD, NEAR HIGH CORT, BHAVANAGAR.** R.N.I. REG. NO. **GUJGUJ/2011/39246.** Editor : **GOHIL PRATAPBHAI KESHUBHAI**